## (૧) ધરમપુરના દિવાનની પત્નીનો સંકલ્પ પૂરો કર્યો.

એક વાર ધરમપુરના દીવાનની સ્ત્રીએ મહારાજને જમવા પોતાને ઘેર પધરાવેલા. તે બાઈના અંતરમાં મહારાજને જમાડવા કરતાંયે મહારાજની પરીક્ષા કરવાનો વિશેષ ભાવ હતો. તેને જોવું હતું કે આ ભગવાન કહેવાય છે પણ જમતાં આવડે છે કે નહીં ! મહારાજ તેને ઘેર પધાર્યા ને જમવા બેઠા. અને એવી ચતુરાઈથી જમ્યા કે હાથ પણ બગડવા દીધો નહીં ને જેમ અનુક્રમથી ગોઠવેલ તેમ જ સર્વ જમ્યા. ત્યારે તે દીવાનની પત્નીને મનમાં ખોટો ઘાટ થયો, ઉરમાં વિકાર ઊપજ્યો. તેનો આવો મલિન આશય જાણી મહારાજે તરત જ જમેલા અન્નની ઊલટી કરી નાંખી ને ચાલી નીકળ્યા. થોડા દિવસ બાદ સાંખ્યયોગી બાઈઓએ રસોઈ આપેલી. મહારાજ સ્વયં પીરસવા પધાર્યા. એ પીરસતી મૂર્તિમાં સૌનાં મન એવા તો તણાયાં કે મહારાજે એક વાર પીરસેલું પણ કોઈ ખાઈ શક્યાં નહીં. આ મૂર્તિ પેલી દીવાનની પત્નીએ જોઈ ને તેના અંતરના વિકાર ટળી ગયા. પછી તો કોઈ પુરૂષને દેખે તો તેને ઊલટી થાય તેમજ જે જે બાઈઓએ આ દર્શન કર્યાં તે સર્વેને એમ થયું. આ લીલાનાં પદો પર સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ 'તેરી સાંવરી સૂરત છટાદાર…' એ ધ્રુવપંક્તિથી બનાવ્યાં છે.

## (૨) પંચાળામાં વાઘરીઓને શેલણ જમાડ્યું.

એકવાર મહારાજ વિચરણ કરતાં પંચાળા પધાર્યા મહારાજ એટલે અહીંના ભક્તોએ ખૂબ સેવાઓ કરી. મહારાજે ગામમાં આહીરોને શેલણ જમાડવાનું નક્કી કર્યું. (શેલણ = નાઘેરનો ઢીલો ગોળ ને ચોખા, તેમાં ધારે ઘી પીરસાય તેને શેલણ કહે છે.) રસોઈ થઈ ને મહારાજે સૌને પીરસ્યું પણ ખરું. તે વખતે મહારાજની દૃષ્ટિ સાબલી નદીના સામે કાંઠે ફરતા માણસો પર પડી.

મહારાજે પૂછ્યું : 'પેલા માણસો ફરે છે તે જમ્યા ?'

ત્યારે તરત લોકો બોલ્યા : 'મહારાજ ! એ તો બધા વગડાઉ વાઘરીઓ છે. તેમને વળી જમાડવાના હોય ? એ તો જીવહિંસા કરે ને તે જ ખાય.' મહારાજે આ સાંભળ્યું નહીં ને તરત જ તે વાઘરીઓને બોલાવી લાવવા માણસ મોકલ્યો. તેઓ આવ્યા એટલે પોતે સ્વયં તેમને પીરસવા નીકળ્યા ને સારી રીતે શેલણ-ઘી પીરસીને તૃપ્ત કરી દીધા. કેવી સમદૃષ્ટિ !

થોડા સમય બાદ તેમાંનો એક વાઘરી માંદો પડયો. તેણે ખાવાનું માંગ્યું તો સંબંધીઓએ જુવારના રોટલાના ટુકડા ભેગા કરી લાવેલા તેમાંથી એક ટુકડો તેને આપ્યો પણ તે તેને ભાવ્યો નહીં. તેને તો પેલું શેલણ યાદ આવી ગયું. ને સાથે સાથે ઘીની તાંબડી લઈને પીરસતી મહારાજની મૂર્તિ યાદ આવી ગઈ. તેની વૃત્તિ મહારાજના મોહક

સ્વરૂપમાં ચોંટી ગઈ. મહારાજે તેને સાક્ષાત્ દર્શન દીધાં ને કહ્યું : 'ચાલ મારી સાથે.' તરત જ તેણે તનાં સગાંઓને કહ્યું : 'પંચાળામાં જેણે મને ઘી પીરસેલું તે લેવા આવ્યા છે તે હું જાઉ છું.' એમ કહી તેણે દેહ છોડી દીધો. આમ, આ પીરસવાની લીલાની સ્મૃતિમાત્રથી પણ આવા પાપી જીવનોયે મોક્ષ થઈ જતો.

## (૩) સારંગપુરમાં એક ભંગીબાઈ પર કૃપાદષ્ટિ

સારંગપુરમાં એક ભંગી બાઈ શ્રીજીમહારાજનાં દર્શન કરતી હાથ જોડીને ઊભી હતી. શ્રીજીમહારાજની દષ્ટિ ગઈ. કોઈએ પૂછયું : 'મહારાજ ! તમે તેના સામું કૃપાદષ્ટિએ જોયું તેનું કારણ શું ?'

શ્રીજીમહારાજ કહે : 'તે પૂર્વ જન્મમાં શેઠાણી હતી. તેણે ખૂબ પુણ્ય કર્યાં હતા. એક દિવસ ઝરૂખે બેઠી હતી. નીચે ભંગિયો પાવો વગાડતો નીકળ્યો, તેને થયું કે બહુ સારો પાવો વગાડે છે ! તેમાં તેની વૃત્તિ ચોંટી ગઈ ! એટલે મોહ થઈ ગયો. તેથી તે આ જન્મે ભંગી બાઈ થઈ.

## (૪) લીંબડો ગળ્યો કે સાકર ?

શ્રીજીમહારાજે એક વાર સભામાં પ્રશ્ન પૂછયો : 'એક લીંબડો ઘૂંટીને તાંસળી ભરી હોય અને એક વાર એક સાકર ઘોળીને તાંસળી ભરી હોય એમાં કયું ગળ્યું ?' ત્યારે સૌએ કહ્યું : 'સાકર.' ફરી મહારાજે એ જ પ્રશ્ન પૂછ્યો ને સૌએ પણ એ જ જવાબ આપ્યો. વાતને સમજાવવા મહારાજે દસ વાર આ પ્રશ્ન પૂછ્યો પણ કોઈ સમજી શક્યું નહીં. ત્યારે અંતે મહારાજે કહ્યું : 'રોગીને લીંબડો ગુણ કરે ને રોગ ગયા કેડે સાકર ગુણ કરે. તેમ અમારાં વચન લીંબડાના રસ જેવાં છે પણ તેને સાકર સમ માનશો ત્યારે જ સુખી થશો.'

## (૫) સંગ જોઈ તપાસીને કરવો.

એક દિવસ મહારાજ પોતાની અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. દાદાખાચર, સુરાખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ વગેરે ભક્તો મહારાજની સાથે હતા. તે વખતે મહારાજે સૌને કયા સંત સાથે હેત છે તે પૂછ્યું : 'ત્યારે માતરા ધાધલે કહ્યું : 'મારે નિર્વિકલ્પાનંદ સ્વામી સાથે હેત છે.' જ્યાં મહારાજે આ સાંભળ્યું, ત્યાં જ મહારાજે તેઓને કહ્યું : 'તમારો હાથ તો સારા ભોજનમાં નહીં, પણ ઘેંશમાં પડ્યો છે. એનું જ સત્સંગમાં ઠેકાણુ નથી, તો સંગી તમારું શું સારું હિત કરશે ? પોતે સત્સંગમાં સ્થિર રહીને સંગીને રાખે એવો હોય તેનો સંગ કરવો. પછી આગળ વાત કરતા કહે, 'હેત સમસ્ત સંતો સંગાથે રાખવું પણ જ્ઞાનવાર્તા સાંભળવી કે સંગ કરવો એ તો જોઈ તપાસીને કરજ્યો.'

## (૬) દાદા ! તારે કેવા સંત સાથે હેત ?

એકવાર મહારાજે અક્ષર ઓરડીમાં દાદાખાચરને પૂછ્યું જે, 'દાદા ! તારે કેવા સંત સાથે હેત ?.' ત્યારે દાદોખાચર બોલ્યા જે, 'મહારાજ ! મારે ભજનાનંદ સ્વામી સાથે હેત.' મહારાજ કહે : 'અમારી ભેળો રહ્યો છે ને બંધાણો જાતો ક્યાં ?' પછી મહારાજે કેટલાંક સારા સંતને તથા હરિજનને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી એવા મોટા સદ્‌ગુરુ સાથે હેત રાખવા ભલામણ કરી.

## (૭) હરિજન સાથે ક્લેશ કરે તે હરિભક્ત નહીં.

એક પ્રસંગે કંઈક અણસમજણથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને 'જય સ્વામિનારાયણ' કહી પગે લાગવા જવાનું બંધ કર્યું હતું. આ વાતની જાણ જ્યારે શ્રીજીમહારાજને થઈ ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પણ સુહૃદભાવની શીખ આપતાં કહ્યું : 'તમે મુક્તમુનિની સાથે અબોલા કર્યા છે એમ અમે સાંભળ્યું છે. તો ગુરુનો શો અભાવ આવ્યો તે કહો. તમારી સમજણ તો બહુ ભારે છે. મોટામોટા રાજાઓ પણ તમને માનતા હતા ત્યારે કંચનનો વરસાદ તમારા ઉપર થતો. કન્યા આપવા જ્ઞાતિના લોકો પાછળ ફરતા. પરંતુ સાંસારિક સુખને ઝેર જેવાં માની, પિંડ બ્રહ્માંડને અસત્ય સમજી સત્સંગ કર્યો છતાં પણ તમને વિક્ષેપ થયો તે આશ્ચર્યની વાત છે. કામ પડે ત્યારે તેને માન મેલીને નમાય નહીં તો નરકમાં પડી ચૂક્યા એમ જાણવું. પદાર્થ માટે હરિજન સાથે ક્લેશ કરે તે હરિભક્ત નહીં...

## (૮) મારી મરજી વિના સૂકું પાંદડું પણ હાલી ન શકે.

શ્રીજીમહારાજ વીસનગરના ભક્તોની ઉપાધિ ટાળવા એક વાર ગઢડાથી એકલા જ ચાલી નીકળ્યા. એ વખતે મૂળજી બ્રહ્મચારી, તુરત મહારાજ પાસે પહોંચી જઈને કહે છે કે 'ત્યાંનો સૂબો તમારો દ્વેષી છે, ઉપાધિ કરશે માટે પાછા વળો.' ત્યારે મહારાજ બ્રહ્મચારીને પૂછે છે : 'આ પીપળાનાં પાનને કોણ હલાવે છે ?'

બ્રહ્મચારી કહે : 'પવન.'

મહારાજ કહે : 'પવનને પ્રેરનાર કોણ છે ?'

બ્રહ્મચારી કહે : 'ભગવાન'

મહારાજ કહે : 'અમને શું જાણો છો. ?'

બ્રહ્મચારી કહે : 'ભગવાન.'

એ વખતે મહારાજ કહે છે કે, 'તમે ચિંતા શીદ કરો છો ? મારી મરજી વિના સૂકું પાંદડું પણ હાલી ન શકે.'

## (૯) આજથી તારા જન્મમરણનો કાંટો અમે કાઢી નાંખ્યો.

મહાપ્રભુ માંડવીથી ભૂજ જવા નીકળ્યા હતા. સાથે આત્માનંદ સ્વામી અને સંતો પણ હતા. ખુલ્લા પગે જઈ રહ્યા હતા. રસ્તામાં મહાપ્રભુને કાંટો વાગ્યો. મહારાજ તો નીચે બેસી ગયા. મહારાજ કહે, 'સ્વામી, હવે અમારાથી નહીં ચલાય. કાંટો કાઢવો જ પડશે.' ખૂબ પ્રયત્ન કર્યો પણ કાંટો નીકળ્યો નહીં. પછી મહારાજ કહે,'સ્વામી, સામે વાડીમાં એક ખેડૂત છે. તેની પાસેથી ચીપિયો હોય તો કાંટો ખેંચી કાઢીએ.' સ્વામી ખેડૂતને બોલાવી લાવ્યા. મહાપ્રભુએ તેને વાત કરી કે જો ચીપિયો હોય તો કાંટો ખેંચી કાઢીએ. ખેડૂત કહે, 'દયાળુ ! હું આ કામમાં હોશિયાર છું. પણ હું મારા હાથે આપનો કાંટો હમણાં જ કાઢી આપું.' એમ કહી ખેડૂત ચીપિયો લઈ આવ્યો. મહાપ્રભુના ચરણ પોતાના ખોળામાં લીધા. કાંટો ખેંચી આપ્યો. મહારાજે અંતરના આશીર્વાદ આપ્યા કે, 'જા તેં અમારો કાંટો કાઢ્યો, તો આજથી તારા જન્મમરણનો કાંટો અમે કાઢી નાખ્યો.' કેવી અઢળક દયા !!!

## (૧૦) મુક્તાનંદસ્વામી ! આ માછલાંને મારનાર કોણ છે ?

એક વખત શ્રીજીમહારાજ સરધાર ગામના તળાવમાં નાહીને બહાર નીકળ્યા ને તે જ વખતે પાણીમાં રહેલ માછલાં, કાચબા જડ દશામાં પાણીની સપાટી પર આવી ગયાં. કોઈએ કહ્યું કે આ બધાં મડાની જેમ તરે છે. તે મરી ગયાં કે શું ? ત્યારે મહારાજે કહ્યું : 'એમને સમાધિ થઈ છે ને ભગવાનનાં દર્શનનું સુખ લે છે.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ આ માછલાંને સમળા કે સિંચાણા મારી નાખશે. માટે તેમને સમાધિમાંથી જલદી બહાર લાવો.' ત્યારે મહારાજે હસીને કહ્યું : 'સ્વામી ! મારી ઇચ્છા વિના જો સૂકું પાંદડું પણ હાલી ન શકે તો આ માછલાંને કોણ મારનાર છે ? હું જેની રક્ષામાં છું તેનો ઘાત કોણ કરી શકે ?'

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! આપ સર્વ કર્તા છો એ દૃઢ નિષ્ઠા અમારા અંતરમાં અચળ રહે એવી કૃપા કરો. પ્રસંગે એ જાણપણું નથી રહેતું એ ખોટ છે.

મહારાજે કહ્યું : 'સ્વામી ! એ જાણપણું એ જ અક્ષરધામનું દ્વાર છે. જેટલો સમય એ જાણપણામાં તમે રહો, તેટલો સમય તમે બ્રહ્મરૂપ છો. માટે અખંડ એ સ્થિતિમાં રહેવાય તેવી દૃઢતા કરી દેવી.' પછી મહારાજે માછલાં તરફ જોયું તરત તેમનામાં ગતિ આવી.

## (૧૧) એક બ્રહ્માંડ તોડ્યું અને એક બ્રહ્માંડ જોડ્યું.

એક વખત શ્રીજીમહારાજે હાથમાં સળી લઈને તોડી. મહારાજને વિષે દિવ્યભાવ રાખતા મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : 'આ શું કર્યું.

મહારાજ કહે : 'એક બ્રહ્માંડ તોડ્યું અને એક બ્રહ્માંડ જોડ્યું.'

## (૧૨) તમે પણ અમારા પર દયા રાખજો.

કચ્છમાં સમૈયા બાદ જયારે હરિભક્તો મહારાજની રજા લેવા ગયા ને કહ્યું ; 'મહારાજ ! અમે જઈએ. આપ દયા રાખજો.'

મહારાજે કહ્યું : ' તમે પણ અમારા પર દયા રાખજો.'

બધાં આશ્ચર્ય પામ્યા અને કારણ પૂછ્યું. મહારાજ કહે : 'તમારા પાંચ હાથના શરીરમાં મુઠ્ઠી જેવડું હૃદય છે. એ મારું ઘર છે. એને સાફ રાખજો. જેથી એમાં હું સુખેથી રહી શકું. બસ આટલી દયા તમે કરજો.'

## (૧૩) અમે પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ છીએ એવી વાત કરજો.

એક દિવસે ગઢપુરમાં વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજ્યા. તે સમયે અદ્‌ભુતાનંદ સ્વામી દેશમાંથી ફરીને ચૈતન્યાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, ઉદારાનંદ સ્વામી ઇત્યાદિ બાર સંતો સાથે આવ્યા અને મહારાજના દર્શન કરીને સભામાં બેઠા. ત્યારે મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને પૂછ્યું કે 'દેશના હરિભક્ત આગળ ભગવાનની વાતો કરો છો ત્યારે અમને કેવા કહો છો. ?' ત્યારે કહ્યું : 'દત્ત, કપિલ આદિક જેવા સાધુરૂપ કહીએ છીએ.' ત્યારે મહારાજે કહ્યું : 'એમ કહો છો તો દેશમાં ફરવાનું શું કામ ? જેમ કોઇએ અર્ધો મૂળો લઇને ખાધો હોય ને પછીથી ભાત ભાતનાં પકવાન જમે તો પણ મૂળાનો ઓડકાર ઉપર આવે. તેમ સર્વકારણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવો હું તમને મળ્યો છું એવી મારા સંબંધી નિશ્ચયની વાત કેમ કરતા નથી ? આજથી રાજા કે રંક સૌને ' અમે પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ છીએ.' એવી વાત કરજ્યો, અને તમે પણ અમને સર્વોપરી માનજો.' એમ અદ્‌ભુતાનંદ સ્વામીને મહારાજે કહ્યું હતું.'

## (૧૪) ગાડાવાળાને કહ્યું કે એ વેર સાત જન્મે પૂરું થાત.

શ્રીજીમહારાજ એકવાર ચાલતા જતા હતા. મૂળજી બ્રહ્મચારીના કહેવાથી એક ગાડાવાળાએ તેમને ગાડામાં બેસાર્યા. રસ્તામાં બપોરે વડના છાંયે વિસામો લેવા બેઠેલા. તે જ વખતે ત્યાં અમુક જાનૈયૌઓ ખોવાયેલા ઘરેણાંના ડબ્બાની શોધમાં એ તરફ આવ્યા અને મહારાજને આ અંગે પૂછ્યું. મહારાજ કહે : 'આ ગાડાવાળા પાસે છે.' પેલા તો તેને ડંડા મારવા માંડ્યા. એટલામાં એ ડબો બીજેથી મળી ગયો તેથી તેઓ ચાલ્યા ગયા. ગાડાવાળો કહે 'મહારાજ તમે આવું કેમ કર્યું ?' મહારાજ કહે : 'એ તારા સાત જન્મના વેરી હતા તેથી વેર સાત જન્મે પૂરું થાત તે આટલામાં પતાવી દીધું.'

## (૧૫) અહંકાર એ ભગવાનનો ખોરાક છે.

એક દિવસ ભગવાન સ્વામિનારાયણને કોઇએ પ્રશ્ન પૂછ્યો,'પ્રભુ ! માણસનો ખોરાક કે પશુનો ખોરાક તો અમે જાણીએ છીએ, પણ ભગવાન શું ખાતા હશે ? એમનો ખોરાક શું હશે ?' ત્યારે મહારાજ હસતાં હસતાં કહે કે 'અહંકાર એ ભગવાનનો ખોરાક છે. અહંકારી અને અભિમાની માણસોનું અભિમાન તોડવું એ ભગવાન ને બહું ગમે છે એમાંજ એમનો આનંદ અને એજ એમનો ખોરાક...

## (૧૬) આ હાર વાતુ કરશે. આ કટકો વાતું કરશે.

એકવાર સંતોનું મંડળ વિચરણમાં નીકળતા પહેલાં મહારાજનાં દર્શને આવ્યું. પગે લાગી સંતો બોલ્યા, 'મહારાજ ! અમે ભણ્યા નથી તો શું વાતો કરીશું ?' ત્યારે મહારાજે સંતોને હાર આપ્યો ને કહ્યું, 'આ હાર વાતું કરશે.' પછી સંતો તે હાર લઈ નીકળ્યા. જે ગામમાં જાય ત્યાં પ્રથમ કીર્તન ગાય ને પછી મહારાજનાં પ્રસાદીનાં હારનાં દર્શન કરાવે. હાર જોતાં જ સૌને સમાધિ થઈ જતી ને અક્ષરધામમાં મહારાજની મૂર્તિનાં દર્શન થતાં. પછી સૌ સમાધિમાંથી જાગ્રત થઈ વર્તમાન ધારણ કરતા. આમ, હાર દ્વારા મહારાજે સમાધિઓ કરાવી હતી !

એક સંતમંડળને મહારાજે પોતાનો પ્રસાદીનો રૂમાલ આપેલો. તે રૂમાલનાં દર્શન કરતાં વેંત લોકોને સમાધિ થઈ જતી, અને ધામનાં ઐશ્વર્ય અને મૂર્તિઓનાં દર્શન થતાં. એકવાર વિચરણ માટે જતા સંતોને મહારાજે લાકડીનો કટકો આપ્યો ને કહ્યું, 'લ્યો, આ કટકો વાતું કરશે.' સંતો તે કટકો લઈને ગયા. સંતો ગામમાં જઈ કટકાનું લાલ છેડાવાળું ઠેબું અડાડે એટલે લોકોને સમાધિ થઈ જતી અને ધોળા છેડાવાળું ઠેબું અડાડે ત્યારે સૌ જાગ્રત થઈ જતા. આમ, પોતાના દિવ્ય સ્પર્શથી શ્રીહરિ જડમાં પણ એવું દૈવત મૂકતા કે તે દ્વારા સમાધિઓ થતી.

## (૧૭) માંદા સાધુની સેવા કરે એની પર બહુ રાજી થાઉં છું.

એકવાર શ્રીજીમહારાજ ઊંઝા પધાર્યા હતા. ત્યાં ગામના તળાવથી ઉત્તરદિશે ઊતર્યા હતા ને ત્યાં સભા ભરીને વિરાજમાન થયા હતા. તે સમયે ત્યાં નિત્યાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ બાર જણા પધાર્યા હતા. તેઓને મહારાજનાં આ સૌ પ્રથમવાર દર્શન થતાં હતાં. તે વખતે મહારાજની દંતપંક્તિ જોઈને નિત્યાનંદસ્વામીને મનમાં થયું કે 'મનુષ્યના દાંત આવા હોય નહીં. આ તો જરૂર ભગવાન છે.' તે પછી તેઓને મહારાજનો નિશ્ચય થયો ને મહારાજની સાથે રહ્યા તે બાદ મેઘપુરમાં તેઓને દીક્ષા આપવામાં આવેલી. અદ્‌ભૂતાનંદસ્વામી મહારાજની આ રુચિ, પ્રકૃતિનું દર્શન કરાવતાં લખે છે : 'શ્રીજીમહારાજ એક દિવસ ગઢપુરમાં સભા વિષે વિરાજમાન થયા. સર્વે સંતો આવીને બેઠા. તેમના પ્રત્યે મહારાજે એવી વાત કરી કે

'હું માંદા સાધુની સેવા કરે એની ઉપર બહુ રાજી થાઉં છું.' તે સમયે અદ્‌ભૂતાનંદસ્વામીએ કહ્યું કે, 'ચૈતન્યાનંદસ્વામી અને સચ્ચિદાનંદસ્વામી બંને માંડવધાર થઈને પર્વત સાલેમાળમાં ગયા. ત્યાં સચ્ચિદાનંદસ્વામીને સમાચાર મળ્યા કે 'મહારાજ ગઢડેથી બહાર ગયા. તેને સાંભળતાં જ મહારાજના વિયોગથી તત્કાળ સમાધિ થઈ ગઈ. (બેભાન થઈ ગયા) કશું ભાન નહીં રહેવાથી એ પર્વતના રસ્તામાં પડ્યા. ત્યાં બીજો કોઈ મનુષ્ય મળે નહીં. ચૈતન્યાનંદસ્વામી એકલા હોવાથી પથ્થર વીણી લાવીને ભેગા કર્યા. કેમ કે વાઘની બહુ બીક હતી. ત્યાં ત્રણ રાત્રિ-દિવસ ભૂખે-તરસે ઉજાગરો કર્યો. સ્વામી પાસે જ બેસી રહ્યા. ચોથે દિવસે ગઢડામાં ખબર મળવાથી ખાટલો મોકલ્યો. તેમાં સુવારીને તેઓને ગઢડા તેડી લાવ્યા.' ત્યારે મહારાજે કહ્યું, 'એ સ્વામીને અમારી પાસે બોલાવી લાવો.' બોલાવવાથી આવેલા ચૈતન્યાનંદસ્વામીને બધી હકીકત મહારાજે પૂછી, એટલે તેમણે વીતેલી સઘળી વાત કહી. તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને બાથમાં ઘાલીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને સેવકોને ભલામણ કરી કે 'આ સ્વામીને હું એકાંતમાં હોઉં તો પણ મારાં દર્શનની કોઈએ બંધી કરવી નહીં. આ રીતે માંદા સંતની સેવાથી અત્યંત રાજી થયા.'

## (૧૮) અવગુર લીધો એ મહારાજને ગમ્યું નહીં.

શ્રીજીમહારાજ એક વખત ગઢપુરમાં બિરાજેલા. ત્યાં સવારના સમયે સુરાખાચર આવ્યા. આવીને જોયું તો મહારાજને સોમલાખાચર બેઉ ન્હાવા ગયા હતા. સુરાખાચરને સોમલાખાચર માટે મનમાં થયું કે હું નાહીને આવી ગયો ને એ હજુ પાણીમાં પડ્યા છે. ભગત થઈને આવું કરે એ સારું લાગે..?

શ્રીજીમહારાજ થોડા નારાજ થયા... કહ્યું, 'સુરાખાચર ! જાવ, મંદિરમાં જઈ ભગવાનને પાંચ દંડવત્ કરી આવો.' સુરાખાચરને સોમલાખાચરનો સ્હેજ અવગુણ આવી ગયો... મહારાજને આ ન ગમ્યું. શરૂઆત સ્હેજ અવગુણ લેવાથી થાય... એમ કરતાં કરતાં આગળ વધાય માટે અવગુણ તો ક્યારેય નાનાનો પર ન લેવો.

## (૧૯) મગ્નિરામ અદ્વૈતાનંદ બન્યા.

દ્રવિડ દેશનો મગ્નીરામ. શારદાદેવીનો ઉપાસક. બધાને જંત્ર મંત્ર કરીને વશ કરી લેતો. લીલા ઝાડને સૂકવી નાંખે, પત્થરનો વરસાદ વરસાવે. આવા હજાર જેટલા શિષ્યોના ગુરુ બનેલા મગ્નીરામને જ્યારે પોતાની ભૂલ સમજાઈ ને મોક્ષની સાચી ભૂખ જાગી ત્યારે બીજા જ દિવસે નાહી ધોઈને વહેલી સવારે મહારાજ પાસે પહોંચી ગયો. અને સંતોના રસોઈના વાસણ ઘસવા લાગ્યો. પછી મહારાજ જ્યારે સભા કરીને વિરાજમાન થયા ત્યારે આવીને પગે લાગ્યો ને કહે, 'મને તમારો સાધુ કરો.' એટલે

મહારાજે એની પરીક્ષા લેવા માટે કહ્યું, કે પહેલાં તમારે તમારી દાઢી અને જટા મુંડાવવી પડશે. જેથી કરીને અમારા સંતો એના પર ચાલી શકે. મગ્નીરામે એ પ્રમાણે કર્યું. પછી મહારાજે સંતોને આજ્ઞા કરી કે આને જમવાનું આપો. જમવાનું આપ્યું. બીજા સંતોને કહ્યું કે એને ઠેબુ મારીને ઉભો કરો અને સંતોએ એમ કર્યું છતાં મગ્નીરામ એક જ વાક્ય કહે, 'ભલે બાપા !' બીજી જગ્યાએ બેસે છે, ત્યાં પણ બીજા સંતે હાંક મારીને કહ્યું કે અહીં કેમ બેઠો ? ચાલ ઉભો થા ત્યાં બેસ. એમ કહ્યું એટલે મગ્નીરામ બીજી જગ્યાએ જઈને બેઠો તો પણ સહેજે ગુસ્સો નહીં પણ સરળપણે એક જ વાક્ય બોલે...'ભલે બાપા !' આપણે કદાચ એની જગ્યાએ હોઈએ તો ? આવીએ જ નહીં, કદાચ આવીએ તો પણ પોતાની મોટપ મુકાય નહીં અને 'ભલે બાપા !' કહેવાય જ નહીં. આ બધુ મગ્નીરામ કરી શક્યો એનું શું કારણ ? એક જ દ્દષ્ટિ થઈ ગયેલી પુરુષોત્તમ નારાયણના આકારે. શ્રીજીમહારાજના અલ્પ સબંધવાળાનું પોતે ગમતું કરી લીધું.

પોતાના અસ્તિત્વનો પ્રલય કરીને સરળ થઈને વર્તવું એ કાંઈ નાની સૂની વાત નથી. અજોડ કાર્ય કરી દીધું. મહારાજ આ બધુ જોઈ રાજી રાજી થઈ ગયા. 'આટલી બધી સરળતા ? તમે અદ્વૈત કાર્ય કર્યું છે. તમને આજથી સાધુ કરવામાં આવે છે અને તમારું નામ અદ્વૈતાનંદસ્વામી પાડવામાં આવે છે.

## (૨૦) હમીરખાચરને ભગવાનનો નિશ્ચય થયો.

બોટાદના હમીરખાચર અને દાહાખાચર કંઈક કામ અંગે ગઢડા આવ્યા હતા. ત્યાં બધા ખાચર દરબારો વેપારીની દુકાને નાળિયેર લેવા ભેગા થયેલા. તેમને જોઈને હમીર ખાચરે પૂછ્યું, 'ભા ! આજે શું છે તે નાળિયેર લેવા પડાપડી કરો છો ?' ત્યારે સોમલાખાચરે કહ્યું, 'ભા ! દાદાખાચરના દરબારમાં સહજાનંદસ્વામી ભગવાન આવ્યા છે તેમનો આજે પ્રાગટ્યદિન છે, તેમને પગે લાગવા નાળિયેર સાકર લઈ જવાં છે.' ત્યારે તેમણે પૂછ્યું, 'શું એ એવા ભગવાન છે ?' ત્યારે સોમલા ખાચરે કહ્યું, 'એ તો જાતે આવીને જુઓ તો ખબર પડે.' ત્યારે તેમણે વેપારીને કહ્યું કે, 'મારી પાસે પૈસા નથી. તું એક નકામું નાળિયેર આપી દે. સ્વામિનારાયણ ભગવાન હશે તો તે પણ સાચું થઈ જશે.' વાણિયાએ આપેલ એક વર્ષ જૂનું પાણી વગરનું નાળિયેર લઈ હમીરખાચર અને દાહાખાચર પણ સભા સાથે જ્યાં શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં લીંબુતરૂ નીચે ઢોલિયા પર બિરાજમાન હતા ત્યાં આવ્યા. બધા પગે લાગી મહારાજ પાસે નાળિયેર મૂકે, તે એક ભક્ત ફોડી તેની પ્રસાદી પાછી આપે. હમીરખાચરે નાળિયેર કાન પાસે ખખડાવ્યું તો બોદુ બોલ્યું. તે જોઈને મહારાજ બોલ્યા, 'આપા ! એ નાળિયેર હવે

સાચું થઈ ગયું. અહીં આવો.' એ શબ્દો સાંભળીને હમીરખાચરે નાળિયેર ફરી કાન પાસે ખખડાવ્યું તો પાણીવાળું ભારે લાગવા માંડ્યું. એ સાથે આ પ્રગટ પરચાથી તે તો વિંધાઈ ગયા. તરત મહાપ્રભુ પાસે આવી ચરણમાં શ્રીફળ મૂક્યું. શ્રીજીમહારાજે ભગુજીને કહ્યું, 'આ શ્રીફળનું પાણી પાત્રમાં ઝીલી, ગાળીને લાવો.' તેમાંથી એક પ્યાલો છલોછલ પાણી નીકળ્યું, તે પ્રસાદીનું કરી મહારાજે હમીરખાચરને આપતાં તેમની મલિન વાસના નષ્ટ થતાં હળવા ફૂલ બની ગયા. તેમણે પ્રસાદીનું જળ દાહાખાચરને આપતાં તે પણ આનંદમાં ઝૂલવા લાગ્યા. બંને કંઠી બંધાવી સત્સંગી બન્યા. વારંવાર મહાપ્રભુના ચરણોમાં નમસ્કાર કરી ધન્ય બની ગયા. મહાપ્રભુ પાસે કરેલ અલ્પવંદના પણ કલ્યાણકારી બની ગઈ.

## (૨૧) સંબંધે કીડીમાંથી મનુષ્ય થયેલા છ નટને પ્રસાદી આપી.

શ્રીજી મહારાજ એક વખત સારંગપુર પધારેલા. ત્યાં મોતૈયા લાડુ બનાવડાવ્યા ને ગામ આખામાં સાદ પડાવ્યો કે સૌને સ્વામિનારાયણ ભગવાન આજે લાડુની પ્રસાદી વહેંચી રહ્યા છે. તે સાંભળી આખું ગામ ઉમટ્યું. મહારાજ જીવાખાચરના દરબારમાં બેસી બધાને ખૂબ પ્રેમથી બે-બે લાડુ આપતા જાય ને સૌને પોતાના દિવ્ય અક્ષરધામનો વર આપતા જાય. એવામાં ગામ બહાર ધામા નાખેલા નટ લોકોમાંના છ જણ પણ આ સમાચાર જાણી પ્રસાદી લેવા આવ્યા. મહારાજે એમને પણ એવા જ આશીર્વાદ સાથે લાડુ આપ્યા, શ્રીજી મહારાજ તો જાત-કુજાત જોવા જ ક્યાં આવ્યા હતા ? સૌને ન્યાલ કરવા તો પોતે પધાર્યા હતા !

માં સમાન સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું, 'મહારાજ, આ રખડતી જ્ઞાતિના નટ એમના એવાં ક્યાં મોટાં ભાગ્ય કે એમને આપના દિવ્ય હસ્તે હાથો હાથ પ્રસાદી મળી ?' મહારાજ કહે, 'સ્વામી, આપણા ગુરુ રામાનંદસ્વામી એક ગામમાં ગયેલા. ત્યાં સૌને એમના હાથે સાકરની પ્રસાદી વહેંચતા હતા અને એ સમયે છ કીડીઓ સ્વામીની પ્રસાદી પામેલી, એ ભાગ્યે કરી આ ફેરે આ લાડુની પ્રસાદીને પામ્યા. બસ, અમારા ગુરુના અલ્પ સંબંધવાળાનેય અમે બાકી નથી રહેવા દેવાના... હવે આ ફેરે એ છ એ નટ મોક્ષભાગી થઈ ચૂક્યા..!'

## (૨૨) વસ્તાખાચરને ૧૦૦ ગામના ભક્તોના દર્શને મોકલ્યા.

એક વખત મહારાજ ગઢપુર જતાં રસ્તામાં કારિયાણી પધાર્યા. વસ્તાખાચરને આમંત્રણ આપ્યું કે ગઢડા સમૈયો છે તો જરૂર પધારજો. વસ્તાખાચરને થયું કે મહારાજે આમંત્રણ તો આપ્યું પણ સમૈયામાં ભીડો ખૂબ હોય તેથી ન દર્શનનું સુખ આવે કે ન સમાગમનું સુખ આવે, માટે હું સમૈયો પત્યા પછી જઈશ ને અઠવાડિયું રહી આવીશ.

આવું વિચારી વસ્તાખાચર સમૈયો પત્યા પછી આવ્યા. મહારાજે કહ્યું, 'વસ્તાખાચર, હવે એક કામ કરો. તમો ૧૦૦ ગામના જે જે હરિભક્તો આવેલા તે બધાના – તે સૌના ગામોગામ જઈ દર્શન કરી આવો' વસ્તાખાચર કહે, 'મહારાજ, એવું તો કેમ શક્ય બને ?' મહારાજ કહે, 'વસ્તાખાચર, બસ ત્યારે આ બધા ગામોગામના હરિભક્તો સમૈયામાં આવે એ સૌનાં દર્શન એટલે કે અમારા સંબંધવાળાનાં દર્શન એ અમારા દર્શન તુલ્ય છે. માટે હવેથી આવું કદી ન કરશો. એ સૌમાં અમારા સ્વરૂપના દર્શન કરતા થશો ત્યારે તમને અમારો યથાર્થ મહિમા સમજાયો ગણાશે.

## (૨૩) સુરતના હરિભક્તો પર રાજી થઈને ઘરેઘર પધરામણી કરી.

મહારાજ વડતાલ મંદિરની પ્રતિષ્ઠા વખતે વડતાલ પધારેલા હતા. સદ્ગુરુ બ્રહ્માનંદસ્વામીએ જોબનપગી અને બીજા એમના સાથીદારોની મદદથી નવ શિખરોનું ભવ્ય કલાત્મક મંદિર બનાવડાવ્યું હતું. મંદિરનું કામકાજ પૂરું થયું હતું. એટલે મહારાજ સંતો હરિભક્તો સાથે પ્રતિષ્ઠા કરવા વડતાલ પધાર્યા હતા. બધી ઉછવણીઓ જેમ કે મૂર્તિઓની, પિતામ્બર ધારણ કરાવાની, હાર પહેરવાની, થાળની, મુખવાસની, કંઠીની, જનોઈની, જળ વગેરેની પતી ગઈ હતી. પણ ધજા ચડાવવાની ઉછવણીમાં વડોદરાના હરિભક્તો અને સુરતના હરિભક્તોમાં ખૂબ રસાકસી જામી હતી. બધા નંદ સંતો પણ ઉભા થઈ ગયા કે હવે શું થશે ? એટલે પછી મહારાજે ઉભા થઈને જાહેરાત કરી કે અત્યારે અહીંયાં ઉછવણી બોલવાનો અંત લાવશે તેના પર અમે ખૂબ રાજી થઈશું. જો વડોદરાવાળા હરિભક્તો સરળ થઈ જશે તો અમે ઘેર ઘેર વડોદરામાં હરિભક્તોને ત્યાં પધરામણી કરીશું અને સુખ આપીશું. અને જો વડોદરાવાળા ધજા ચઢાવશે તો સુરતના હરિભક્તોને ઘેર ઘેર પધરામણી કરીશું. અને જાહેરાત પછી સુરતના હરિભકતોએ ધજા ચઢાવવાના ઠરાવને પડતો મૂકીને મહારાજની આગળ સરળ થઈ ગયા અને વડોદરાના હરિભક્તો સરળ ન થઈ શક્યા. આપણે કોઈનો અવગુણ લેવાની જરૂર નથી ને એના માટે સાવધાન રહેવાની જરૂર છે. સુરતના હરિભક્તો પર રાજીપો થઈ ગયો ને મહારાજ સુરત પધાર્યા ને ઘેર ઘેર હરિભક્તોને ત્યાં પધરામણી કરીને બધાને ખૂબ સુખ આપ્યું.

## (૨૪) દાજીભાઈ–સાધુ થવું છે કે અમે કહીએ એમ કરવું છે ?

એક અદ્ભૂત પાત્ર સમા જામનગર જીલ્લાના અલૈયામોડાના દાજીભાઈ જેઓ જ્ઞાતિએ દરબાર હતા અને સદગુરુ સચ્ચિદાનંદસ્વામીના પૂર્વાશ્રમના ભાઈ હતા. દાજીભાઈએ સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામીના સમાગમથી પોતાને સંસાર અસાર જાણ્યો અને સાચો રાહ પકડવા માટે ઘેરથી રજા લઈ પોતે મહારાજ પાસે વડતાલ આવ્યા અને દંડવત્ દર્શન કરી મહારાજના ખોળામાં માથું મૂકીને પ્રાર્થના કરે છે...'દયાળું ! મારે

આપની પાસે રહેવું છે અને સાધુ થવું છે. મહારાજ ! દયાળું મારો સ્વીકાર કરો અને આપની સેવામાં રાખો.'

મહારાજે કસોટીના એરણે ચઢાવ્યા. મહારાજ કહે, 'સાધુ થવું છે કે અમે કહીએ એમ કરવું છે ?' મહારાજ, આપ કહો એમ કરવું છે.

અને મહારાજ આજ્ઞા કરે છે, 'દાજીભાઈ, અત્યારે જ તમે બોચાસણ જાઓ અને ત્યાં અમારા હરિભક્ત કાશીદાસ પટેલ છે. તેમને સાંતી હાંકનાર સાથીની ખૂબ જરૂર છે અને જ્યાં સુધી અમે બોલાવીએ નહીં ત્યાં સુધી અમારા દર્શન સમાગમ માટે આવવાનું નહીં.' ભલે દયાળું કહી હાથ જોડીને દાજીભાઈ બોચાસણ જઈ કાશીદાસ પટેલના ઘેર સાંતી હાંકવાની સેવા ચાલું કરી દીધી.

કાશીદાસ પટેલને ખબર નથી કે જે સાથી તરીકે તેમનું સાંતી હાંકે છે તેના ઘરે ૨-૫ સાથી કામ કરે છે એવા મોટા ખેડૂત છે. દાજીભાઈના આવવાથી કાશીદાસને મહારાજના દર્શન સમાગમનો માર્ગ મોકળો થઈ ગયો છે. મહારાજ પાસેથી આવ્યા પછી મહારાજના લીલા ચરિત્રનું વર્ણન દાજીભાઈને કરે છે ને દાજીભાઈના હૈયે હરખ ઉભરાય છે. મરમાળાની મૂર્તિમાં લીન બની જાય છે. છતાંય સંકલ્પ નથી ઉઠતો કે મારે અહીંયાં ખેતરનું કામ કરવાનું અને કાશીદાસને સમાગમ કરવાનો ? પાછું મારે દર્શને પણ નહીં જવાનું ? આપણે હોઈએ તો તરત દુઃખી દુઃખી થઈ જઈએ. દાજીભાઈને સંકલ્પ ન ઉઠ્યો કે ઘેર પણ હું ખેતી તો કરતો જ હતો. મારા નોકર ચાકર હતા એ બધુ મૂકીને તો આવ્યો છું તે છતાં મહારાજે આવી કેમ આજ્ઞા કરી ? એવો સંકલ્પ જ ન ઉઠવા દીધો. ધણી જે કરે છે, એ મારા રૂડા માટે જ કરે છે. મને બળિયો કરવા માટે જ આવી આજ્ઞા કરી છે. ને આમ ને આમ ૧૨-૧૨ વર્ષ વીતી ગયા છે. આ બાજુ બ્રહ્માનંદસ્વામીએ વડતાલ મંદિરનું બાંધકામ પૂરું થતાં મંદિરની પ્રતિષ્ઠાની તૈયારી કરી રહ્યા છે. સંતો હરિભકતોને જાણ થતાં જેમ નદી સમુદ્રને મળવા વેગવંતી બને તેમ પ્રતિષ્ઠાના સમૈયામાં સૌ ધસમસતા પૂરની માફક આવવા લાગ્યા અને મહાપ્રભુજી પોતાની કસોટીમાંથી સારધાર પાર ઉતરેલા ભક્તરાજ દાજીભાઈને તેડવા બોચાસણ માણસ મોકલે છે અને ૧૨-૧૨ વર્ષના વિરહનો અચાનક અંત આવ્યો અને મહાપ્રભુના પ્રત્યક્ષ દર્શને મહાપ્રયાણ આદરે છે અને પ્રતિષ્ઠાના આગલા દિવસે પહોંચે છે અને એ જ દિવસે મહારાજ એમને ભાગવતી દીક્ષા આપે છે. અને અક્ષરાનંદસ્વામી નામ પાડ્યું છે અને બીજા દિવસે પ્રતિષ્ઠા થઈ અને એ દિવસે મોટા મોટા સંતો-હરિભક્તોની વિશાળ સભામાં જાહેરાત થાય છે કે મહારાજ જેને પોતાની પ્રસાદીનો હાર પહેરાવશે એ વડતાલ મંદિરના મહંત થશે. અને મહારાજે બધા મોટા મોટા નંદ

સંતોના દેખતા ગઈકાલે જ જેને દિક્ષા આપી છે એવા અક્ષરાનંદસ્વામીને મહારાજ પોતાના કંઠમાંથી હાર કાઢીને પહેરાવે છે અને કહે છે આજથી આ વડતાલ મંદિરના મહંત છે. કેટલો બધો અનહદ રાજીપો કમાઈ ગયા અક્ષરાનંદસ્વામી ! મહંત બન્યા તે રાજીપો નથી. પરંતુ મહારાજના ગમતા પાત્ર થયા તે રાજીપો છે. કેમ કે ૧૨-૧૨ વર્ષ સુધી મહારાજના ગમતામાં રહ્યા. પોતાનું ગમતું મૂકી દીધું, દાસ થઈને વર્ત્યા, પોતાની મોટાઈ મૂકી દીધી. નીચે ટેલની સેવા કરી હતી.

## (૨૫) કુસંગે કરીને દિનાનાથ ભટ્ટને મહારાજ વિષે મુનષ્યભાવ થયો.

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામીશ્રી એક ગામથી બીજે ગામ ચાલ્યા ત્યારે પોતાના શિષ્યોને કહ્યું જે પુસ્તકે મીણીયાં બાંધજો, પણ વાદળું નહિ હોવાથી એ વચન માન્યુ નહિ. પછીમાર્ગમાં વરસાદ થયો ને પુસ્તક પલળી ગયાં. મોટા પુરુષની વાતમાં સરળ ન થયા. આકાશમાં નજર દોડાવી. વાદળાં નથી. બુદ્ધિથી વાતને તોળી. કદાચ બાંધ્યા... ને વરસાદ ન આવ્યો તો ?

શ્રીજીમહારાજે ગ્રંથ લખાવતી વખતે દીનાનાથ ભટ્ટ પાસે લખાણ લખાવ્યું... પછી બીજે દિવસે મહારાજ કહે, અમારી ભૂલ થઈ ગઈ... આમ નહીં... આવું લખો... એમ કહી ફરી લખાવ્યું... આમ... ત્રણ ત્રણ વખત... કર્યુ. ત્યાં દીનાનાથ ભટ્ટને આ ચરિત્રમાં સંશય થયો. જીવસત્તાએ મોટપનો સ્વીકાર નહોતો. આથી સંકલ્પ ઉઠ્યો... કે મહારાજે આ કર્યું તે ઠીક ન કર્યું... ભગવાનની વળી ભૂલ થાય ? એ પણ ત્રણ ત્રણ વખત..? પોતાની શંકાનું સમાધાન કરવા ગયા નિર્વિકલ્પાનંદસ્વામી પાસે... અને કેવળ માયિક દષ્ટિથી જોનાર નિર્વિકલ્પાનંદસવામીએ મહારાજને વિષે મનુષ્યભાવના હલકા શબ્દ બોલી દીનાનાથ ભટ્ટના જીવમાં અભાવ ઘાલી દીધો. અને સત્સંગમાંથી પાડ્યાં...

સાધુ હતા. જોડે રહેતા હતા. પણ ભગવાનને ભગવાન નહોતા જાણ્યા. આ સ્વરૂપ આ લોકનું નથી, માયિક નથી, મનુષ્ય જેવા નથી એ વાતનો, એ સમજણનો દ્રઢાવ નહોતો કર્યો. પોતે જ કોરા હતા તે બીજાને ઓતપ્રોત કેવી રીતે કરી શકે ?

અને મહાબુદ્ધિશાળી ગણાતા દીનાનાથ ભટ્ટ કે જેમણે ભાગવતના ૧૮૦૦૦ શ્લોકો મોઢે હતા. તે ભગવાનને વિષે બુદ્ધિના પ્રદોષે કરી મનુષ્યભાવ લઈ સત્સંગમાંથી પડી ગયા. દીકરીને બ્રહ્મરાક્ષસ વળગ્યો. હેરાન હેરાન થઈ ગયા. અંતે શ્રીજીમહારાજના શરણે આવવું પડ્યું.

## (૨૬) ડાંગરામાં ખીમાપટેલનો સંકલ્પ પૂરો કર્યો.

એકવાર શ્રીજીમહારાજ ડાંગરા પધારેલા. ત્યાં ખીમા પટેલને ઘેર ઊતર્યા. તેણે શ્રીજીમહારાજ માટે તેની ફળીમાં પીપર હતી તે ઉપર હિંડોળો બાંધી રાખ્યો હતો. તેનો

સંકલ્પ હતો કે મહારાજને મારે અહીં ઝુલાવી દિવ્ય લાભ લેવો. તેના આ સંકલ્પને જાણી શ્રીજીમહારાજ પણ ઘેલા નદીમાં જળક્રીડા કરી, ખીમા પટેલના ઘેર આવી સીધા જ હિંડોળા પર બિરાજી ગયા ને કહ્યું : 'પટેલ ! હિંડોળો ઠીક બાંધી દીધો. અમને હિંડોળે ઝૂલવાનો સંકલ્પ હતો તે તમે પૂરો કર્યો.' ખીમો પટેલ આ કૃપાથી ગદ્‌ગદ થઈ ગયા ને બોલ્યા : 'પ્રભુ ! આપને તો એવા કંઈ સંકલ્પ ન હોય.' ત્યારે મહારાજે કહ્યું : 'પટેલ ! અમારે પણ તમારા જેવા ભક્તોના મનોરથો પૂરા કરવાના સંકલ્પ તો હોય જ. એ માટે તો અમારો જન્મ છે.'

## (૨૭) પીપળાવના પ્રભાશંકરભાઈ જાન અટકાવી મહારાજ પાસે પહોંચી ગયા.

પીપલાવના પ્રભાશંકર..લગ્ન કરવા નીકળ્યા છે. જાન લઈ ઘોડે બેસી જઈ રહ્યા છે. ત્યાં રસ્તામાં ખેપિયા દ્વારા હાથમાં શ્રીજીમહારાજની ચિઠ્ઠિ આવી કે 'શ્રીજીમહારાજ તમને ગઢપુર બોલાવે છે.' બસ આટલું વાંચતા જ ત્યાં જ ઊભા રહી ગયા. જાન અટકાવી. પિતાજીને કહ્યું, 'હું ગઢપુર જાઉં છું. મારા ભગવાન શ્રીજીમહારાજ, મારું સર્વસ્વ મને બોલાવે છે.' ''પણ દીકરા.... આ તું જો તો ખરો... લગ્ન કરવા નીકળ્યો છું. આટલા બધા માણસોને લઈ જાનમાં નીકળ્યો છું. તે લગ્ન પતાવી પછી જજે ને...!''

'ના... પિતાજી... ના... મારા ને તમારા સૌનાય આધાર શ્રીજીમહારાજ છે. તેમને લઈને આપણે છીએ. તેમનું વચન હેઠું ન પડવા દેવાય.. હું પહેલાં શ્રીજીમહારાજ પાસે જઈશ, પછી લગ્ન કરવા જઈશ.'

'પણ દીકરા આવું ગાંડપણ ન કરાય. આ જાનનું શું ? સામે માંડવાવાળાનું શું....? એ તો વિચાર.'

'પિતાજી, આજ સુધી અનંત જન્મો ગાંડપણ જ કર્યું છે, લોકોનું સમાજનું જ સાચવ્યું છે. ભગવાન ને સત્પુરુષનું નથી સાચવ્યું. હવે તો મારે ભગવાનનું સાચવવું છે. પહેલા મારા ભગવાન પછી બીજું બધું. માટે રાજી રહેજો. હું તો જાઉં છું ગઢપુર... કામ પતાવીને પાછો આવીશ.' આટલું કહી એમણે તો ગઢપુરની વાટ પકડી. બધા તો જોતાં જ રહી ગયા.

ગઢપુર આવ્યા. શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. 'બોલો મારા પ્રાણાધાર, આ સેવકને કેમ યાદ કર્યો..?'

શ્રીજીમહારાજે હાથમાં મીંઢળ જોયું. સમજી ગયા. આજ્ઞા કરી જાવ, પહેલાં લગ્ન કરી આવો. પછી આવજો. 'ભલે મહારાજ.' આટલું જ કહી ઉપડ્યા પાછા લગ્ન

કરવા. બીજો કોઈ વિચાર જ નહિ. કોઈ તર્ક વિતર્ક નહીં કોઈ બુદ્ધિ લગાવવાની વાત જ નહીં. બસ મારા મહારાજનું ગમતું જે હોય તે કરી નાંખવાનું. તેમાં વિચાર નહિ કરવાનો.

લગ્ન કરી બંને પતિ-પત્ની છેડાછેડી છોડવા શ્રીજીમહારાજ પાસે આવ્યા. શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. મહાપ્રભુએ બંનેને દર્શન આપ્યાં. અને સામે જોઈ એટલું જ પૂછ્યું : 'બંને ભાઈ-બહેન લાગો છો કે શું ?'

લગ્ન કરી સીધા જ આવ્યા છે હજુ છેડાય નથી છોડ્યા. આ જોઈ શ્રીજીમહારાજને શું ખ્યાલ નહીં આવ્યો હોય કે આ પતિ-પત્ની છે કે ભાઈ-બહેન...? પણ ત્યાં આપણી બુદ્ધિ ન પહોંચે. આપણી કક્ષા બહારની વાત છે. ભગવાનના અને સત્પુરુષના અંતર્ગત અભિપ્રાય અને રુચિનું ભાન તો જેને ગમતામાં ને રાજીપામાં વર્તવાની રુચી હોય, લગની હોય તેને જ પડે.

પ્રભાશંકર આ સાંભળી હેબતાઈ ન ગયા. પણ તરત મહારાજની રુચિ સમજી ગયા. બંને પતિ-પત્નીએ એક ક્ષણ માટે એકબીજાની સામે જોઈ લીધું અને રુચિમાં રાજીપામાં વર્તવાનો નિર્ધાર કરી લીધો. સંમતિ આપી દીધી.

અને પ્રભાશંકરે વિના સંકોચે મહારાજને હાથ જોડી કહી દીધું. 'હા મહારાજ...બંને ભાઈ-બહેન છીએ.'

બંને પતિ-પત્ની આજીવન ભાઈ-બહેનની જેમ રહ્યા. શ્રીજીમહારાજનું અતિ વ્હાલું બ્રહ્મચર્યવ્રત પાળવું કેટલી ગમતામાં રહેવાની તત્પરતા....!!

## (૨૮) ભક્તની ભક્તિ કરવી એ રીત અનાદિની છે.

કરજીસણમાં શ્રીજીમહારાજે જન્માષ્ટમી ઊજવી ત્યારે સંતો-ભક્તોને તેડાવેલા. સંતોના સંઘ આમંત્રણ મળતાં આવવા માંડ્યા. પણ તેમાં બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી દેખાયા નહીં. તેથી સંતોના સંઘ જોઈને મહારાજે પૂછ્યું : 'બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે કેમ નથી આવ્યા ?' એટલું કહીને પછી પોતે જ બોલ્યા, 'આવતા જ હશે, સમાચાર મળે ત્યારે નીકળે ને !' સંતોની ચાહનાનું કેવું દર્શન છે આ !

થોડા દિવસ બાદ જન્માષ્ટમીનો દિવસ આવી પહોંચ્યો. મહારાજને સૌએ કલાત્મક હિંડોળોમાં પધરાવ્યા. મહારાજ સભામાં વાત કરતા હતા. તેટલામાં જ બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો આવતાં દેખાયા. મહારાજને કોઈકે કહ્યું તેથી મહારાજે તે દિશામાં જોયું અને તરત જ ઊભા થઈ ગયા. સંતોની સન્મુખ ચાલ્યા અને રસ્તા ઉપર જ તેમને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈ સંતો દોડ્યા અને મહારાજને

દંડવત્ રખાવ્યા. મહારાજ સંતોને ભેટી પડ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ, આપ અમને દંડવત્ કરો તો અમને દૂષણ લાગે.' મહારાજે કહ્યું, 'ભક્તની ભક્તિ કરવી એ રીત અનાદિની છે. ભગવાનની તેમાં મોટપ છે. ગોપીઓનો ભગવાને ત્યાગ કર્યો ત્યારે તેમણે ભગવાનને મેણું માર્યું કે, 'ભજતાને જે નથી ભજતા તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે.' આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'એ તો મુગ્ધાનાં વચન છે.' ત્યારે મહારાજ બોલ્યા, 'તમેય કોઈ વખત મુગ્ધા બની જાઓ તો !' મહારાજની આ વાણી સાંભળી સૌ ખૂબ હસ્યાને મહારાજ સંતોને લઈ સભામાં પધાર્યા, ત્યારે ભક્તવત્સલ શ્રીજીની આ પ્રેમાળ પ્રકૃતિનું દર્શન કરી જન્માષ્ટમી પણ ધન્ય થઈ ગઈ હશે.

## (૨૯) બોટાદના ભગાશેઠને નવજીવન બક્ષ્યું..

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજેલા ને મહારાજને સમાચાર મળ્યા કે બોટાદમાં ભગાશેઠ અંતઅવસ્થા પર છે; ને છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે. માટે આપ દર્શન દેવા પધારો.

શ્રીજીમહારાજે નાજા જોગીયાને બોલાવી ઘોડી તૈયાર કરવાનું કહ્યું... બે ચાર મોટેરા સંતો ને હરિભક્તોને પણ તૈયાર કર્યા; ને મહારાજ માણકી પર અસવાર થઈ નીકળ્યા પણ ખરા. મહારાજ અડધેક રસ્તે હશે, ત્યાં એક ઘોડેસવાર હરિભક્ત સામે બોટાદ બાજુથી આવતો હતો તે સામો મળ્યો અને મહારાજને દંડવત્ કરી ભારે હૈયે સમાચાર આપ્યા કે 'હે મહારાજ, બોટાદમાં ભગાશેઠ ધામમાં સિધાવી ગયા છે માટે આપ દર્શન દેવા જતા હો તો પાછા વળો.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, ' ખોટી વાત છે, ભગાશેઠ અમારા છે. અમારા સિવાય એમને ધામમાં લઈ જનાર બીજો છે કોણ ? માટે અમે તો બોટાદ આવીએ જ છીએ...' આવનાર આગંતુક કહે, 'મહારાજ, ભગાશેઠે છેલ્લો શ્વાસ મૂક્યા પછી પાસે બેઠેલા વૈદે નાડી જોઈ ક્યું કે હવે ભગાશેઠે દેહ છોડી દીધો... ત્યારબાદ નીચે લીંપણ ને ચોકો કરી એમાં ભગાશેઠના દેહને સુવાડી, માથે ઓઢાડીને પછી હું નીકળ્યો છું. છતાં મહારાજ, આપની જેમ મરજી હોય એમ કરો..'

સાથે રહેલા સંતો-ભક્તો કહે,'મહારાજ ! તો તો હવે બોટાદ જવાનો કોઈ અર્થ નથી.. આપણે પાછા વળીએ એ જ વધુ યોગ્ય ગણાશે.' છતાં શ્રીજીમહારાજ તો

એક જ વાત ઉચ્ચારતા રહ્યા... કે ભગા શેઠ હજુ જીવે છે, અને આપણે દર્શન દેવા જવું છે...

આમ, શ્રીજીમહારાજને સંતો-ભક્તો સહું બોટાદ ભગાશેઠને ઘેર પહોંચ્યા. ત્યાં તો બધે રોક્કળ ચાલે છે... શેઠના ધામમાં ગયાના વિરહમાં સૌ ગમગીન બનીને બેઠેલા.

શ્રીજીમહારાજની માણકી જ્યાં શેરીમાં આવી, ત્યાં કેટલાક સત્સંગીઓને તેમના સંબંધીઓ મહારાજને ચોંટી પડ્યા ને કહ્યું કે, મહારાજ, આપ મોડા પડ્યા ને ભગા શેઠ તો નશ્વર દેહ છોડી અક્ષરધામને સિધાવી ગયા..'

શ્રીજીમહારાજ કહે, 'ચાલો... અમારી સાથે, તમે કહો છો એ બધી ખોટી વાત છે. ભગાશેઠ ખાલી સૂતા છે. કારણકે અમારા વિના તેમને અક્ષરધામમાં લઈ જનાર બીજો છે કોણ ?' એમ કહી મહારાજ ભગા શેઠના ઘર આગળ પહોંચી માણકી પરથી નીચે ઊતર્યા ને સડસડાટ સૌ રૂદન કરતા સગા-સંબંધીઓ ને વીંધતા જે સ્થાને ભગાશેઠને માથે ઓઢાડી સુવાડેલા ત્યાં પહોંચી ગયા, ને પાસે બેસી બોલ્યા. 'ભગાશેઠ.. ઓ ભગાશેઠ.. આ જુઓ અમે તમારા ઘેર આવ્યા. ઊઠો તો ખરા. કયાં સુધી મોંઢે ઓઢીને સૂઈ રહેશો ?'

આમ જયાં મહારાજે ભગાશેઠને સાદ કર્યા ત્યાં તો સેંકડો સત્સંગીઓને સંબંધીઓના દેખતાં ભગાશેઠ માથે ઓઢેલું વસ્ત્ર પોતાના જ હાથથી ખસેડ્યું ને બેઠા થઈ મહારાજના દર્શન કરવા માંડ્યા..

## (૩૦) ગુણાતીતાનંદસ્વામી, મારે રહેવાનું ધામ છે.

ગઢડાના સિદ્ધાનંદસ્વામીના શિષ્ય કૃષ્ણચરણદાસ બુદ્ધિશાળી હતા. તેમણે શુકસ્વામીને વડતાલમાં પૂછેલું કે મારા ગુરુ, ગુણાતીતાનંદસ્વામીના મહિમાનો નિષેધ કરે છે. તો મારે કેમ સમજવું ?

ત્યારે શુકસ્વામી કહે : 'કયાં ગુણાતીતાનંદ સ્વામી ને કયાં સિદ્ધાનંદ સ્વામી ?' ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા તો શ્રીજીમહારાજે પોતે શ્રીમુખે મારા સાંભળતાં કહેલ તે કહું : 'એક વખતે શ્રીજીમહારાજે મોટા મોટા સદ્‌ગુરુની ગોવાળ મંડળી કરી પોતે વચ્ચે રહી પીરસતા હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામીને મહારાજ કહે : 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ જમતાં શીખો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : 'ઠીક, જમનારા છે. એમ કહી મર્મ કર્યો.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'એમ નહિ, જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન જમે છે ને સ્વાદ તો મારી મૂર્તિનો લે છે.' તો બધા કહે, 'હા,

મહારાજ ! એમના જેવું થવું કઠણ છે.' તો મહારાજ કહે, 'અખંડ ત્રણ અવસ્થામાં અમને ધરી રહ્યા છે ને મારે રહેવાનું ધામ છે.'

## (૩૧) ગુણાતીતાનંદસ્વામી, ગોદડીઓ ધોતા.

એક વખતે સ્વામીને શ્રીજીમહારાજે માંદા સાધુની સેવામાં રાખ્યા હતા. ત્યારે માંદાની ગોદડીઓ ધોવા જતાં બીજા સારા સાધુઓએ પણ સ્વામીને સેવા કરનાર જાણી (ગોદડીઓ ધોવા) આપી હતી. તેમની અઢાર ગોદડી ધોઈ ગોમતીથી આવતાં ત્રણ દરવાજા પાસે સ્વામી આવ્યા. ને મહારાજ સુતારને ઘેર જમીને આવ્યા. તે હનુમાનના દરવાજા બહાર સ્વામીએ દીઠા ને સ્વામીની વૃત્તિ પરોવાઈ એટલે મહારાજ ઊભા રહ્યા ને સ્વામી આવ્યા ત્યારે કહે : 'જઈએ ?' ત્યારે કહે : 'જાવ.' પછી હરિમંડપમાં જઈને ભગુજીને કહે : 'એ સાધુએ ગોદડીઓ અમારી પર ધરી છે. તો તે ઉપાડી લાવો.' પછી બે પાળા જઈને ઉપાડી લાવ્યા. પછી સ્વામીને કહે : 'જેની હોય તે ગોદડીઓ લઈ જાય.' પછી માંદા સાધુ હતા તે લઈ ગયા પણ સાજા તો શરમાયા. તે દશ (સાધુ) ગોદડી લેવા ન આવ્યા. ત્યારે મહારાજે સભા કરીને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, 'આપ આ સાધુને ઓળખો છો ?' તો કહે : 'હા, બહુ કીર્તન બોલે. બહુ સેવા કરે ને ત્યાગી નિશ્ચે સંપૂર્ણ છે.' ત્યારે મહારાજ કહે, 'એમ નહિ, એ તો અખંડ અમારી મૂર્તિ ત્રણ અવસ્થામાં ધારી રહ્યા છે. ને આજ જેટલા માણસ મારી વાંસે ફરે છે તેટલા માણસ એમની પાછળ ફરશે. ને અમારા જેવી મોટપ થશે ને અમારું સર્વોપરી જ્ઞાન તે પ્રવર્તાવશે.'

## (૩૨) વહેવાર અને કલ્યાણ બંને શીખવું હોય તો ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરજો.

ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂકતી વખતે પોતાના હેતવાળા હરિભક્તો બોટાદના શીવલાલભાઈ તથા વસોના અમીન વાઘજીભાઈ તથા મહુવાના પ્રાગજીભાઈ ભગત ત્થા શામજીભાઈ તથા મનજી ઠક્કર તથા જાગા ભગત તથા ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, આણંદના જીભાઈ સેલત તથા ખંભાતના સદાશીવ તથા સારંગપુરના જસોગોર વગેરેને પોતે ખાસ સ્વામીનો મહિમા કહીને સ્વામીનો સમાગમ કરવા ભલામણ કરી હતી. તેમાં શીવલાલભાઈએ સ્વામીને પૂછ્યું કે 'સ્વામી, તમો ઉદાસ થયા. તે અમારે કેમ કરવું ?' ત્યારે ગોપાળસ્વામી કહે : 'તારે શું કરવું છે ? વેવાર કરવો છે કે કલ્યાણ શીખવું છે ? જો વેવાર શીખવો હોય તો (સુંદરિયાણા) પુજા શેઠને પૂછજો ને જો કલ્યાણ ને વેવાર બન્ને શીખવાં હોય તો ગુણાતીતાનંદ સ્વામીના જેવો વેવાર કોઈને

આવડતો નથી, ને તેમના જેવું કલ્યાણ કરતાં કોઈને આવડતું નથી. તો આપ જુનાગઢ જજો અને સ્વામીનો સમાગમ કરજો.

## (૩૩) ગુણાતીતાનંદસ્વામી તરફ નજર છે.

ગોપાળાનંદ સ્વામી સંવત્ ૧૯૦૮ના વૈશાખ સુદ ૫ને દિવસે, દેહ મૂકવા અગાઉ બે દિવસ, વડોદરાના હરિજનો આવ્યા ન તેમણે સ્વામી ખુશીમાં હતા તેથી સ્તુતિ કરી, ત્યારે સ્વામી કહે : 'કોણ છો ?' તો કહે : 'અમો વડોદરાના હરિજનો છીએ. માટે અમારા વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.' તો સ્વામી કહે : 'આ ટાણે વડોદરા ? વડોદરા સામી કાંઈ દૃષ્ટિ હોય કે જુનાગઢના જોગી અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે તે સામી નજર હોય.'

## (૩૪) અમદાવાદનો વિપ્ર મહારાજના સંકલ્પે સજીવન થયો.

અમદ્યવાદનો એક વિપ્ર પ્રાણવલ્લભ નિત્ય સ્વામિનારાયણ ભજન કરતો. એકવાર સંઘ સાથે તે ગોદાવરી નદીમાં સ્નાન કરવા ગયો. એ વખતે મરકી (પ્લેગ) રોગમાં તે માંદો પડ્યો. અને થોડા જ વખતમાં તેણે દેહત્યાગ કર્યો. તે સમયે સ્વયં શ્રીજીમહારાજ તેને લેવા આવ્યા. મહારાજે તેને પૂછ્યું : 'તારે કોઈ ઇચ્છા રહી જાય છે ?'

ત્યારે વિપ્રે કહ્યું : 'મહારાજ, બધા લોકો એમ જ માનશે કે અન્યની જેમ આ પણ મરકીને લીધે મરીને અસદ્ગતિ પામ્યો છે. પણ હું તો સ્વામિનારાયણ ભજનના પ્રતાપે આપની સાથે આપના ધામમાં જઉં છું, એ કોઈ સમજશે નહીં.' ત્યારે મહારાજ કહ્યું : 'તું પાછો દેહમાં જા અને આ વાત લોકોને સમજાવ.'

પુનઃ જ્યારે દેહમાં પ્રાણ આવ્યો, ત્યારે એનું શરીર તો ચિતા પર ગોઠવાઈ ગયું. અચાનક શરીર સળવળતાં લોકોને વિસ્મય થયું. ત્યારે તે દ્વિજે સૌને સમજાવ્યું : 'મને તો સ્વયં શ્રીહરિ એમના ધામમાં તેડી ગયા'તા, પણ આ તો તમને સૌને સમજાવવા પાછો આવ્યો છું. હાલ કાળનો વેગ ભારે છે. માટે જો એનાથી બચવું હોય ને અંતે ભગવાનનું ધામ પામવું હોય તો સ્વામિનારાયણ મંત્રનું ભજન કરો.' એમ કહી પોતે સૌને તાળી પાડીને સ્વામિનારાયણ મંત્રની ધૂન ઝિલાવી પછી દેહત્યાગ કર્યો.

## (૩૫) ધુવા ગામના પ્રાણનાથના પિતાશ્રી પરમ ગતિને પામ્યા.

ધુવા ગામના પ્રાણનાથ નામે લુહાર ભક્ત હતા. તેમના પિતા કેસરભાઈ ભગવાનમાં માનતા નહીં. ઊલટું, વિધિ-નિષેધનું, તીર્થનું, વ્રતનું તેમજ અવતારોનું ખંડન કરતા. તે પાપને લીધે મૃત્યુ બાદ તેઓ ભૂત થયા. અને પોતાની પત્નીના દેહમાં આવીને રહેતા પણ પોતાના જ પુત્ર પ્રાણનાથના કંઠમાંથી જેવો એમણે

'સ્વામિનારાયણ' મંત્રનો જાપ સાંભળ્યો કે તરત જ કેસરભાઈ સર્વ પાપ થકી મુક્ત થઈ ભૂતના તનનો ત્યાગ કરીને પરમ ગતિ પામ્યા. જે વાત એમણે જતાં જતાં પોતાની પત્નીમાં રહીને કરી :

'સુણી એના મુખનું ભજન, તર્ત છૂટ્યો હું ભુતનું તન;
હવે જાઉં છું હરિને ધામ, સુણી સ્વામિનારાયણ નામ.'

## (૩૬) સુરાખાચરનો સ્વાદ કાઢ્યો.

સુરાખાચર એવા ભારે સ્વાદિયા. જમવા બેસે ત્યારે બે જાતનાં સારા સારા શાક જોઈએ. કચુંબર જોઈએ. કંઈક ને કંઈક ગળ્યું જોઈએ. મસાલા વ્યવસ્થિત જોઈએ. આમ ચટાકેદાર સ્વાદિષ્ટ રસોઈ જોઈએ. અને જો એમાં કંઈ ફેર હોય તો તરત ઘરમાં ઝઘડો થાય. સુરાખાચરના પત્ની શાંતાબાઈ આ સરભરામાંથી ઊંચા આવે જ નહીં. અને કથાવાર્તા સાંભળવા જઈ શકે નહીં.

એક દિવસ શ્રીજીમહારાજે શાંતાબાઈને પૂછ્યું કે કથામાં કેમ આવતાં નથી અને આવો ત્યારે પણ મોડું થાય છે ? શાંતાબાઈ કહે, 'મહારાજ, શું કરું ? તમારા ભગતને ખાવામાં ચટકો વધારે છે. એટલે એમાંથી સમય મળતો નથી ને કથામાં અવાતું નથી.'

મહારાજને તો આવો સ્વાદનો ચટકો ગમે જ નહીં અને તેમાંય સુરાખાચર તો પોતાના હતા. અને પોતાના હોય તેમાં તલમાત્ર કસર રહેવા દેવી નથી, એવો શ્રીજીમહારાજનો સંકલ્પ છે. આથી શ્રીજીમહારાજે સુરાખાચરનો સ્વાદ ટાળવા માટે દૃઢ સંકલ્પ કર્યો. અને તે માટે શાંતાબાઈને એવો નિયમ આપ્યો કે તમારે રોજ હવે રસોઈમાં રોટલો ને છાશ જ બનાવવું. જાતજાતની વાનગીઓ ન આપવી. અને સુરાખાચરને એવો નિયમ આપ્યો કે તમારે જમતી વખતે કંઈ ન બોલવું. અને જમ્યા પછી પણ રસોઈ બાબત કંઈ જ બોલવાનું નહીં. સુરાખાચર જમવા બેઠા ને થાળીમાં રોટલો ને છાશ જોઈ સમજી ગયા કે મારો વ્હાલો અહીં પહોંચી ગયો છે. હું સ્વાદ રાખું છું ને મારા પ્રાણ આધારને ગમતું નથી. જો એમને ન ગમતું હોય તો એ નહીં રાખવાનું. અને સુરાખાચર જીવમાંથી સરળ થઈ ગયા. કટ્ટ દઈને વળી ગયા. નિર્માનીપણે એમણે શ્રીજીમહારાજની રુચિને સ્વીકારી. જમવા ટાણે જે મળે તે જમીને ઊભા થઈ જતા. જમ્યા પછી એ બાબતે કંઈ જ ન કહેતા. છ મહિના આમ ચાલ્યું. છ મહિના સુધી સુરાખાચર કંઈ જ બોલ્યા વગર જમવા ટાણે જે મળે તે ભગવાનને સંભારી જમી લેતા. અંતરમાં આનંદ રહેતો કે મારા રસાસ્વાદને ટાળવા માટે શ્રીજીમહારાજે મારી પર કેટલી દયા કરી છે...!

## (૩૭) જીવા પટેલ મહારાજના વચને ૧૦૮મણનો પથ્થર ગાડામાં લાવ્યા.

સુરેન્દ્રનગર જિલ્લાના એકેવાડિયા ગામના જીવા પટેલ હતા. અનન્ય નિષ્ઠાવાન હતા. ખૂબ વિશ્વાસુ હતા. મહારાજનો આશરો અતિશે દઢ હતો. એક વખત મહારાજને ૧૦૮ મણનો પથ્થર ધ્રાંગધ્રાથી અમદાવાદ લઈ જવાનો હતો. એ વખતે અત્યારની જેમ યંત્રયુગ ન હતો કે વાહનની વ્યવસ્થા કરીને પથ્થર અમદાવાદ પહોંચે.

એ વખતે એકેવાડિયાના જીવા ભગતને આજ્ઞા કરી કે, 'ભગત, અમે કહીએ તેમ કરશો ?'

ત્યારે જીવાપટેલ બોલ્યા, 'મહારાજ, આપ જેમ કહો તેમ હું કરવા તૈયાર છું. આજ્ઞા કરો.' આ સાંભળી મહારાજ બોલ્યા, 'ભગત, તમારા બળદગાડામાં ૧૦૮ મણનો પથ્થર ધ્રાંગધ્રાંથી અમદાવાદ લઈ જવાનો છે.'

જેણે સર્વ કર્તા-હર્તા સ્વયં ધણીને કર્યા છે. એવા જીવાપટેલ બોલ્યા, 'મહારાજ ! આપ જેમ આજ્ઞા કરો તેમ હું કરવા તૈયાર છું. મારે કયાં પથ્થર ઉપાડવાનો છે ? હું તો આપનો સેવક છું. મારે તો સ્વામી કહે તેમ કરવાનું. કર્તા-હર્તા તો આપ જ છો.' આવા બળભર્યા વચન સાંભળીને મહારાજ ભગત ઉપર રાજી થઈ ગયા. પછી શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે, 'આ ૧૦૮ મણનો પથ્થર છે તે જીવા ભગતના ગાડામાં મૂકો.' ત્યારે મહારાજની આજ્ઞાથી ઘણા ભક્તોએ ભેગા મળીને પથ્થરને તો ગાડામાં ચડાવ્યો પણ બધાને સંકલ્પો થયા, કે આ પથ્થર કેવી રીતે અમદાવાદ પહોંચશે ? તો પણ જીવાભગત સંકલ્પ વિકલ્પ રહિત થઈને ઊભા હતા. મહારાજે આજ્ઞા કરી, 'ગાડુ ચલાવો.' પછી મહારાજની આજ્ઞા થતાં જીવા ભગતે ગાડું ઉપાડ્યું. જોયું તો ગાડું જ્યારે ચાલતું ત્યારે ગાડાથી પથ્થર એક વેંત ઊંચો હતો. એવી રીતે પથ્થર અમદાવાદ આવ્યો.

## (૩૮) આંબલીમાં આસક્તિ હતી તેથી કથા કે દર્શનમાં સુખ ન આવ્યું.

દેવજી ભક્ત અને ડાહ્યો પણ મંદિરમાં પોતાના ખર્ચનું જમતા અને મહારાજનો સમાગમ કરતા. મહારાજે દેવજી ભગતને પૂછેલું કે 'તમે કેટલા દિવસ રોકાવાના છો ?' ત્યારે દેવજી ભગતે કહેલું કે અમે એક મહિનો રોકાવાના છીએ. દિવસો પસાર થતા ગયા. એમ કરતાં ૧૫ દિવસ થઈ ગયા. ત્યાં એક દિવસ દેવજી ભક્ત અને એમનો દીકરો ડાહ્યો વહેલી સવારે પોતાની પૂજાનો સામાન લઈને, મહારાજનાં દર્શન કરવાં આવ્યા. દર્શન કરવા મહારાજની પાસે જાય છે ત્યારે મહારાજ કહે છે કે, 'કયાં જવું છે ?'

ત્યારે દેવજી ભક્ત કહે, 'મહારાજ, રાજકોટથી સમાચાર આવ્યા છે કે ઘેર મુશ્કેલી છે. તેથી અમને તાત્કાલિક બોલાવ્યા છે. એટલે અમારે જવું પડે એવું છે. તેથી

અમે નીકળ્યા છીએ.' મહારાજ તો અંતર્યામી હતા. મહારાજે ડાહ્યાને પૂછ્યું, 'ડાહ્યા, મહિનો રોકાવા આવેલા અને એકદમ ઘેર જવા કેમ નીકળ્યા ?'

આ ડાહ્યો નાનો હતો. નિર્દોષભાવે ડાહ્યાએ મહારાજને કહી દીધું, 'મહારાજ, ખરેખર કારણ તો જુદું છે. જ્યારે અમે ઘેરથી આવેલા ત્યારે સીધુસામાનની જોડે આંબલી લાવેલા. પણ ૧૫ દિવસ થતાં આંબલી પૂરી થઈ ગઈ. આખા ગઢપુરની બજારમાં તપાસ કરી પણ કયાંય આંબલી ન મળી. મારા બાપાને આંબલી વગર ચાલતું નથી. એટલે અમે ઘેર જવા નીકળ્યા છીએ.'

મહારાજની જોડે રહેતા હતા પણ આંબલીમાં આસક્તિ હતી. તેથી કથાવાર્તાનું સુખ ન આવ્યું.

## (૩૯) ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા.

એકવાર શ્રીજીમહારાજે સંતોને ખટરસનાં વર્તમાન આપ્યાં. થોડા દિવસો પછી એક પ્રેમી હરિભક્તે, શ્રીજીમહારાજને પાંચસો સંતોને જલેબીની રસોઈ આપી, અને સંતોને ખૂબ આગ્રહપૂર્વક જમાડવાનું કહ્યું. શ્રીજીમહારાજે આનંદ સ્વામીને બોલાવી પાંચસો સંતો માટે જલેબીની રસોઈ તૈયાર કરાવવાની આજ્ઞા કરી. ત્યારે આનંદ સ્વામી કહે, 'મહારાજ, આપે સંતોને ખટરસના વર્તમાન આપ્યાં છે તેનું કેમ કરીશું ? ત્યારે મહારાજ કહે, 'એક દિવસ માટે છુટ્ટી છે.'

બધા સંતોને આજ્ઞા થતાં બધા જમવા આવ્યા, પરંતુ એક સંત લીમડાની નીચે ધ્યાન કરતા હતા. તેથી હરિભક્તે મહારાજને કહ્યું કે, 'મહારાજ ! એક સંત હજુ જમ્યા નથી. તેથી મારો સંકલ્પ અધૂરો રહ્યો છે.' તેથી મહારાજે તે સંતને બોલાવી કહ્યું કે, 'આજે જમી લ્યો.' પરંતુ તે સંતે કહ્યું કે 'હે મહારાજ ! આપે ખટરસના વર્તમાનની આજ્ઞા કરી તે કેમ લોપું ?' આમ તે મહારાજની રુચિ ન સમજી શકયા. તેથી મહારાજ બોલ્યા કે, 'ખટરસમાં રહ્યા અને જલેબીમાં ગયા.' ટાણે રુચિ ન ઓળખાય તો તપનું ફળ જે મહારાજનો રાજીપો તે ન કમાવાય.

## (૪૦) ઘોડા પાણીવાળો બાજરો જમે અને તમે કોરો જમો તેમાં કાંઈ ફેર ખરો ?

એક સંત માત્ર એક મુઠ્ઠી બાજરો (કોરો) જમી ચાતુર્માસ ધારણા પારણા વ્રત લઈ નિયમમાં રહ્યા. થોડાક દિવસ બાકી રહ્યા ત્યારે શ્રીજીમહારાજે તેમને વ્રતની સમાપ્તિ કરવા કહ્યું. ત્યારે તે સંત કહે, 'મહારાજ ! હવે થોડાક દિવસ માટે વ્રત અધૂરું કેમ રખાય ?' ત્યારે મહારાજ કહે, 'અમે તમને ચારેય માસના ધારણા-પારણાનું ફળ આપીએ ! અરે, આખા વર્ષનું ફળ આપીએ ! પરંતુ મહારાજની રુચિ સંત સમજી ન શકયા. ત્યારે

મહારાજ કહે, 'સાધુરામ ! ઘોડા પાણીવાળો બાજરો જમે છે અને તમે કોરો જમો છો તેમાં કોઈ ફેર ખરો ?'

## (૪૧) કનીજના ભગતે પાપની કબૂલાત કરી.

ખેડા જિલ્લામાં મહેમદાવાદ પાસે કનીજ નામનું ગામ છે. ત્યાંના એક હરિભક્ત હતાં. જેમનાથી સાધન દશામાં દેહભાવને યોગે કરીને વર્તમાન લોપાઈ ગયું. ને આખા ગામમાં વાત જાહેર થઈ ગઈ. તેથી ગામવાળાઓએ તેમને નાત બહાર કર્યા. તેમને મંદિરમાં આવવાની મનાઈ કરી દીધી. ગામના હરિભક્તો તથા ગામ લોકો બધા જાણે પણ આ ભાઈ હતા થોડા માની, એટલે ગુન્હો કબૂલ ન કરે. પણ પોતાના મનમાં એવું માને કે મહારાજ આવશે એટલે હું કહી દઈશ એમ વાત કરે.

એક દિવસ શ્રીજીમહારાજ ગામમાં પધાર્યા. આ હરિભક્ત પહેલા જ જઈને એકાંતમાં મહારાજને વાત કરી કે, 'મહારાજ, હું સાવ નિર્દોષ છું, ને હરિભક્તોને ગામના લોકો મારી ઉપર ખોટો વ્હેમ નાંખે છે. મને ખોટો નાત બહાર કર્યો છે. મને મંદિરમાં પેસવા દેતા નથી. તમે દયા કરો.' આવી પ્રાર્થના કરવા લાગ્યો.

શ્રીજીમહારાજ તો અંતર્યામી હતા. બધુ જાણતા હતા પણ મહારાજે લીલા કરી ને એની ભેગા ભળ્યા. મહારાજ કહે, 'સારું અમે બધા હરિભક્તોને વાત કરીશું ને તમને પાછા સત્સંગમાં લઈ લઈશું.' પછી જ્યારે સભા ભરાઈ ત્યારે મહારાજે સભા વચ્ચે બધાને સંબોધીને કહ્યું કે, 'આ હરિભક્ત નિર્દોષ છે. એ સાચો છે. તમે બધા જુઠ્ઠા છો, માટે આજથી એમને મંદિરમાં આવવા દેજો….' બધા હરિભક્તોને સંકલ્પ થયો કે મહારાજ તો અંતર્યામી છે. બધું જાણે છે, છતાં કેમ આમ લીલા કરે છે ? છતાં મહારાજ જે કરતાં હશે તે યોગ્ય જ હશે. એમ વિચારીને સૌએ સ્વીકારી લીધું. પરંતુ વર્તમાન લોપેલ હરિભક્ત રાજી થયાં. પછી શ્રીજીમહારાજે તેમને એક ચિઠ્ઠી લખી આપી ને મહેમદાવાદ જઈ એક હરિભક્તને આપી આવવાનું કહ્યું.

આ ભગત તો કહે, 'હા મહારાજ, હમણાં જ આપી આવું.' એમ કહી તુરત જ ઉપડ્યા. રસ્તામાં જતાં એક નેળિયું આવ્યું. ને નેળિયામાં એક સરપોલીયું દેખવામાં આવ્યું. રસ્તામાં પડેલા સરપોલીયાને સાંઠી અડાડી, ત્યાં જ સરપોલીયામાંથી વિકરાળ રાક્ષસી આકૃતિ ખડી થઈ. ભયંકર રાક્ષસી આકૃતિ જોતાં જ ભગત તો બી ગયા. પરસેવે રેબજેબ થઈ ગયા. એ તો ભાગ્યા. રાક્ષસે પાછળ દોટ મૂકી. ભગત તો બૂમો પાડે. 'મારી નાખ્યો.' કરી ભાગ્યા પોતાના ઘર તરફ. ખૂબ જ ઝડપથી દોડવા લાગ્યા. પાછળ રાક્ષસે પણ દોટ મૂકી.. ભગત તો જીવ લઈને નાઠા…

રાક્ષસે વાત કરી 'ચાલ મંદિર તરફ જા. સાલા જુઠ્ઠો છું. ભગવાન આગળ લુચ્ચાઈ કરે છે. ભગવાન આગળ કપટ રાખે છે. ચાલ જા, મંદિરમાં જઈ સભા વચ્ચે તારા પાપની કબૂલાત કર.. નહીં તો તારી વાત છે. ભગત તો સમજી ગયા.. 'હા બાપા જાઉં છું. સવારે જઈને વાત કરી દઈશ.' 'ના, અત્યારે જ જા. સભા વચ્ચે વાત કર, કબૂલાત કર.. માફી માંગ નહીં તો જોયા જેવી થશે.'

પછી તે દોડતા દોડતા ગામના ઝાંપામાં જ પોતાનું ઘર હતું. ઘરમાં પેસી ગયા. ઘરમાં ગોદડી ઓઢીને સૂતા હતા. ત્યાં તો રાક્ષસ પણ ગોદડીમાં સોંસરો દેખાયો. આવીને કહે, 'ચાલ સાલા ઘરમાં પેઠો ? ચાલ સભામાં નહીંતર મારી નાખું.' ઘરમાંથી ઉઠાડીને લાવ્યા સભામાં.

પાછળ રાક્ષસ દેખાય તેથી ભગતે સભા વચ્ચે કબૂલાત કરી. 'મહારાજ, હું જુઠ્ઠો છું, મહાપાપી છું. હું અધર્મી છું. મેં આવું પાપ કર્યું છે. મને માફ કરો. મારા પર રાજી થાવ.' આમ સભા વચ્ચે કબૂલાત કરીને સભા વચ્ચે માફી માંગી. પછી તે પાંચ વખત સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ્યો, તેથી રાક્ષસ દેખાતો બંધ થઈ ગયો. તે ભાગી ગયો.

## (૪૨) જેતલપુરના આશજીભાઈ દીકરાને મૂકી સંતની સેવામાં પહોંચ્યા.

જેતલપુરના આશજીભાઈ હતા. તેઓ વૈદું જાણતા હતા ને શ્રીજીમહારાજને સંતોનો ખૂબ મહિમા જાણતા હતા. તેમને જ સાચા ગુરુ માન્યા હતા. ગમે ત્યારે મંદિરમાંથી, ગમે તેના માટે સમાચાર આવે ત્યારે આશજીભાઈ સેવા કરવા માટે તૈયાર જ હોય.

એક વખત આશજીભાઈનો એકનો એક દીકરો ખૂબ બિમાર પડેલો. ને દીકરાની સારવાર પોતે કરતા. પોતે વૈદું કરતા હતા. એટલે યોગ્ય દવા આપતા, સારવાર કરતા ને કાળજી રાખતા. પરંતુ તેમણે 'ભગવાન જેમ રાખે તેમ રહેવું ને દેખાડે તેમ જોવું.' તેવી સમજણ તો જીવમાં લક્ષ્યાર્થ ક્રેલી. પરંતુ દીકરો સાજો થયો નહીં. તે કંઠપ્રાણ હતો.

એ જ વખતે મંદિરમાંથી સમાચાર આવ્યા કે એક સંત ખૂબ માંદા છે ને તમને તેમની સારવાર માટે બોલાવ્યા છે. આ સાંભળતાં જ આશજીભાઈ મંદિરે જવા તૈયાર થયા. ઘેર પોતાનો એકનો એક દીકરો કંઠપ્રાણ હતો. છતાં પહેલા મારા સંતો પછી દીકરો. પછી તે પોતાનો દવાનો સામાન લઈ, મંદિર જવા તૈયાર થયા.

ત્યારે ઘરના સંબંધીએ કહ્યું, 'આશજીભાઈ, આ તમારો એકનો એક દીકરો કંઠપ્રાણ છે. તેને મૂકીને અત્યારે ન જવાય. સ્વામી માટે બીજા કોઈની વ્યવસ્થા થઈ

જશે. પણ આવા સમયે તમારા દીકરાની સારવાર મૂકીને બીજાની સારવાર માટે જવું એ તમારા માટે યોગ્ય નથી.

આમ આશજીભાઈને રોકવા સૌએ ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ જેને દેહના સંબંધી કરતાં ભગવાન અને ભગવાનનાં સંત વધુ વહાલા હોય ને જેણે દેહના સંબંધી કરતાં ભગવાન અને સંતમાં વધુ આત્મબુદ્ધિ હોય તે સંતની સેવા છોડીને દીકરાની સેવા કરવા કેમ રોકાય ? અને આવી સમજણ હોય તેને જ ભગવાનનો સાચો રાજીપો મળે.

## (૪૩) બાળહઠ, સ્ત્રીહઠ, જોગીહઠ અને ભગવાનહઠ (ધન)

શ્રીજીમહારાજ ગઢપુરમાં સભા કરી બિરાજમાન છે. તે સમયે નિષ્કુળાનંદ સ્વામી આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે મુઠ્ઠી વાળી કહ્યું, 'લ્યો જોગી, પ્રસાદ.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! મુઠ્ઠી ખોલો તો પ્રસાદ લઉં.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'અમારામાં વિશ્વાસ નથી ? શું અમો ઝેર આપીશું ?' ત્યારે સ્વામીએ આગ્રહપૂર્વક કહ્યું, 'મુઠ્ઠી ખોલો તો પ્રસાદ લઉં.'

એટલામાં મુક્તાનંદ સ્વામી આવ્યા. શ્રીજીમહારાજ કહે, 'સ્વામી, આ નિષ્કુળાનંદ સ્વામી મુઠ્ઠીમાં પ્રસાદ છે તે લેતા નથી. અને કહે છે કે મુઠ્ઠી ખોલો તો જ પ્રસાદ લઉં.' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા, 'હે મહારાજ ! બાળહઠ સાંભળી છે. સ્ત્રીહઠ સાંભળી છે. જોગીહઠ સાંભળી છે. પણ કયાંય ભગવાન હઠ તો સાંભળી નથી. માટે આપ મુઠ્ઠી ખોલીને પ્રસાદ આપો તો શો ફેર પડે ?' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'સ્વામી ! તમે પણ તમારી નાતનું રાખ્યું.' એમ કહી મુઠ્ઠી ખોલતાં સોનામહોર નીકળી.'

પછી શ્રીજીમહારાજ કહે, 'આજે અમને જોગીએ જીત્યા. અમે ઘણી કસોટી કરી પણ નિયમ રાખવામાં ન ડગ્યા.' ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે, 'મહારાજ, અધોઈમાં દ્રવ્ય પર લઘુ કરાવેલ તે કેમ ભુલી શકાય ? અને રણમાં જોડામાંથી દ્રવ્યનો ત્યાગ કરાવી નિષ્કંચન કરેલ તે પણ કેમ વીસરાય ?' સ્વામીની આવી દઢતા અને વૈરાગ્યની ખુમારીથી શ્રીજીમહારાજ તેમના ઉપર ખૂબ રાજી થયા.

## (૪૪) ગોપાળાનંદસ્વામી-સંતો તમને અમારામાં કેવું હેત ?

સદ્. ગોપાળાનંદ સ્વામીએ એક વખત સવારમાં વારંવાર ૨-૩ વખત પોતાનાં સંતોને, એક જ પ્રશ્ન પૂછ્યો કે, 'સંતો, તમને અમારામાં કેવું હેત ?' ત્યારે સંતો દર વખતે એક જ જવાબ આપે, 'સ્વામી, બહુ હેત.' હવે, એ જ દિવસે બરાબર ઉનાળાની ધોમધખતી ગરમીમાં, બપોરે ઠાકોરજી જમાડીને સંતોને સદ્.ગોપાળાનંદ સ્વામી વિચરણમાં નીકળ્યા. આગળ ચાલતાં સંતો તરસ્યા થયા. એટલે અમુક સંતો કૂવો શોધતા આગળ નીકળી ગયા. આગળ જતાં, કૂવો મળતાં સૌએ તુંબડીને દોરીથી પાણી

કાઢી, પાણી ધરાવવા માંડ્યું. બધાં સંતો તો ઉતાવળે આગળ પહોંચી ગયેલા ને પાણી ધરાવી દીધેલું. સ્વામીશ્રી અવસ્થાના ભાવોને લઈ ધીમે ધીમે પાછળ જતા'તા એટલે છેલ્લે પહોંચ્યાં, સંતોએ સ્વામીને જળ આપ્યું. એટલે સ્વામીશ્રીએ ધીરે રહી, સંતોને સવારના પ્રશ્નું પુનરાવર્તન કરતાં પૂછ્યું, 'સંતો, અમારામાં કેવું હેત ?' ત્યાં જ સંતોને લાઈટ થઈ... પોતાની ભૂલ ઓળખાઈ અને બોલ્યા, 'સ્વામી, આ જોયું એવું હેત.'

## (૪૫) ભગવાનનું સુખ બાજુ પર મૂકીને પંચવિષયના સુખને ભોગવે છે.

શ્રીજીમહારાજ એક વખત કારિયાણી પધાર્યા. વસ્તાખાચરના નાનકડા દીકરા જોઈતાખાચરે ગળામાં સોનાની ઉતરી (કંદોરો) પહેરેલી. શ્રીજીમહારાજે એક હાથમાં કેરી લઈ તેને આપવા માંડી કે 'લે જોઈતાખાચર, આ કેરી. 'જોઈતાખાચરે જ્યાં હાથ લાંબો કર્યો, ત્યાં મહારાજે હાથ પાછો લઈ કહ્યું કે, 'તારા ગળામાંથી આ ઉતરી આપ તો કેરી આપું.' તે સાંભળી તેણે તો ટપ દઈ ઉતરી કાઢી આપી ને કેરી લઈ લીધી.

શ્રીજીમહારાજ સભાજનોને સંબોધીને બોલ્યા જે આ જીવનું પણ આવું છે, ભગવાનના સુખને મેળવવાનું બાજુપર મુકીને પંચવિષયના સુખને ભોગવે છે. કારણકે એને ભગવાનના મહાત્મ્યની ખબર નથી.

## (૪૬) ગંગારામ મલ્લને દીકરા પ્રત્યેના રાગને કારણે અભાવ આવ્યો.

શ્રીજીમહારાજ મનુષ્યરૂપે આ લોકમાંથી અંતર્ધ્યાન થયા પછીની આ વાત છે. શ્રીજીમહારાજને પોતાના ઘેર ઘણા સમય સુધી રાખી, રાજીપો લીધેલો, એવા ભૂજના ગંગારામ મલ્લનો આ પ્રસંગ છે. આ ગંગારામ મલ્લને એમના દીકરાના નાના દીકરા મોતિયા સાથે અતિશે ગાઢ પ્રીતિ હતી. જેથી ગંગારામ એને જ્યાં જાય ત્યાં, સાથે ને સાથે રાખે. ન્હાવા બેસે તોય સાથે, જમવા બેસે તોય સાથે ને મંદિરમાં આવે તોય સાથે. વળી 'મારો મોતિયો' મારો મોતિયો...' એમ અખંડ કર્યે રાખે. આ વાત ભૂજના સંતો-હરિભક્તો બધાય જાણે, જુએ પણ એમની મલ્લ પ્રકૃતિ એટલે ખૂબી ક્રોધી સ્વભાવ. એટલે કોઈ એમને આ ભૂલ ઓળખાવવા તૈયાર ન થાય.

પણ .. એક વખત સદ્.નિત્યાનંદ સ્વામી ભૂજ પધારેલા. તેમને, સંતોએ આ વાત કરી. સ્વામી તો બહુ સ્પષ્ટવક્તા હતા. તેથી વાતમાંથી વાત કાઢી, પ્રેમથી ગંગારામ મલ્લને કહ્યું જે 'ગંગારામભાઈ, તમે મહારાજની સર્વે રીતે સેવા કરી રાજીપો કમાયા છો.. પણ આ મોતિયામાં આટલું બધું હેત રાખો તે ઠીક થતું નથી.' આમ આટલું જ્યાં કહ્યું ત્યાં તો ગંગારામ મલ્લ એકદમ ઊભા થઈ ગયા. આ ટકોર હાડોહાડ લાગી ગઈ. રિસાઈને ચાલ્યા ગયા. એટલું જ નહીં.. પણ સ્વામીનો અંતરમાં અવગુણ આવી ગયો. તેથી સ્વામી જ્યાં સુધી ભૂજમાં રહ્યા ત્યાં સુધી દર્શને પણ ન આવ્યા.

## (૪૭) મહારાજની આજ્ઞા થતા દાદાખાચર અડધી હજામતે આવ્યા.

એક વખત શ્રીજીમહારાજે કોઈકને દાદાખાચરને બોલાવવા મોકલ્યા. તેમણે જઈને દાદાખાચરને સમાચાર આપ્યા. 'દાદાખાચર, તમને મહારાજ બોલાવે છે.' દાદાખાચર એ વખતે હજામ પાસે હજામત કરાવવા બેઠેલા. અડધી હજામત થયેલી ને અડધી હજામત બાકી હતી. એ જ વખતે આવા સમાચાર મળ્યા. જેમણે કયારેય મહારાજનું વચન નીચે પડવા નહીં દીધેલું એવા દાદાખાચરે વાળંદને કહ્યું, 'ઊભો રહે, હવે બંધ રાખ, શ્રીજીમહારાજ પાસે જઈ આવું. પછી બાકીની હજામત કરજે.' 'અરે દરબાર.. પણ.. પણ.. જલ્દી પતાવી દઉં. પછી જ જાવ ને !' હજામ બોલતો રહ્યો ને દાદાખાચર તો ઊઠી ગયા. પછી પહોંચી ગયા સભામાં, 'મહારાજ, બોલો શું આજ્ઞા છે ?' મહારાજે દાદાખાચર સામું જોયું અને બોલ્યા, 'અરે દાદાખાચર, આ શું ? શું કરતા હતા ?' 'મહારાજ, હજામ પાસે હજામત કરાવવા બેઠેલો.' 'પણ... હજામત તો પતાવી દેવડાવવી હતી !' મહારાજ જરા ઠપકો આપતા બોલ્યા. ત્યારે દાદાખાચર બોલ્યા, 'મહારાજ, પહેલાં તમારી આજ્ઞા પછી બીજું બધું.' સભા આખી સ્તબ્ધ બની ગઈ. મહારાજે કહે 'જાવ.. જાવ... હજામત પતાવીને આવો.'' 'ભલે મહારાજ, આપ આજ્ઞા આપો તો જઈ આવું.' પછી મહારાજની આજ્ઞા થતાં તેઓ જઈ, અધૂરી હજામત પતાવી આવ્યા.

## (૪૮) નિષ્કુળાનંદસ્વામીની કસોટી.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ત્યાગ-વૈરાગ્યની મૂર્તિ હતા. પૂર્વાશ્રમમાં સ્વામીશ્રી શેખપાટમાં રહેતા અને લાલજી સુથાર તરીકે પ્રસિદ્ધ હતા. રામાનંદ સ્વામીના જોગે વૈરાગ્યનું અંગ થતાં પોતાની, સંસાર પ્રત્યે, અરુચિ દર્શાવી હતી. શ્રીજીમહારાજ સાથે હેતની હેલી ઊભરાતી હતી. તે અંતરમાં વૈરાગ્યને પુષ્ટ કરતી હતી. નાનપણમાં ભાદરાના મૂળજી શર્માની મિત્રતાએ પુરુષોત્તમને પામવાની અને તેમના સુખે સુખિયા થવાની ઉત્કટ અભિપ્સા સદાય રહેતી હતી.

એકવાર શ્રીજીમહારાજ કચ્છમાં જતાં ભોમિયા તરીકે તેમને સાથે લીધા. તેમણે રસ્તામાં શ્રીજીમહારાજ માટે પાણીની બતક અને જોડામાં દસ કોરી રાખેલી. પાણી હતું તે રસ્તામાં એક તરસ્યા મનુષ્યને, શ્રીજીમહારાજે, અપાવી દીધું, તેમજ ચોર મળ્યા તેમને કોરી પણ બતાવી દઈ નિષ્કિંચન કર્યા. પછી અધોઈ ગામે શ્રીજીમહારાજે કહ્યું કે, 'કંઈ જમવાનું લાવી દો.' ત્યારે લાલજી સુથારે કહ્યું કે,'તે માટે જ કોરીઓ રાખી હતી તે તો અપાવી દીધી.' ત્યારે શ્રીજીમહારાજ કહ્યું, 'આ ગામમાંથી ભિક્ષા માંગી લાવો.' ત્યારે લાલજી સુથાર કહે,'આ તો મારી સાસરીનું ગામ છે. મને તો બધા

ઓળખે.' ત્યારે શ્રીજીમહારાજે કસોટી કરી કહ્યું,'તો તો તમને ન ઓળખે એવા કરી દઈએ.' આમ કહી વાળ કપાવી ભગવાં વસ્ત્ર પહેરાવ્યાં. તેમણે શ્રીજીમહારાજમાં અવિચળ નિષ્ઠા અને સંપૂર્ણ મહિમાની ગાંઠ વાળી દીધેલી. તેથી આજ્ઞા શિરોમાન્ય કરી લીધી. પોતાને સાસરે જઈ 'સ્વામિનારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' કહી ભિક્ષા માંગી. તેમનાં સાસુ, પત્ની વગેરે સંબંધીએ ઘણી રીતે સમજાવ્યા પરંતુ અડગ રહી, ભિક્ષા લઈને શ્રીજીમહારાજ પાસે આવ્યાં.

શ્રીજીમહારાજ તેમના વૈરાગ્યની દઢતાને ખૂબ વખાણી 'નિષ્કુળાનંદ' નામ પાડ્યું. શ્રીજીમહારાજે તેમની કસોટી કરવા તે જ ગામમાં રહી સત્સંગ કરાવવા કહ્યું. તે તેમણે અધોઈમાં જ રહી સત્સંગ કરાવીને નિષ્કુળાનંદ નામને સાર્થક કર્યું. તેમનાં કુટુંબીઓ બહુ કસ્યા ત્યારે કીર્તન બનાવી કહ્યું કે, 'મૈં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ, સદ્‌ગુરુ મિલિયા અનાદિ મિટ ગઈ સર્વે ઉપાધિ'

## (૪૯) આ ડગલીમાં તો હેતના ટેભા ભર્યા છે.

સુરતના આત્મારામ દરજીને મહાપ્રભુને વિષે અનહદ પ્રેમ. મહારાજનું નામ પડે ત્યાં તો નાચવા ને કુદવા માંડે. જયારે મહાપ્રભુની દિવ્યમૂર્તિ નજર સમક્ષ તરી આવે ત્યારે તો તેમનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચી જાય.

એકવાર આત્મારામે નક્કી કર્યું કે મારે મહારાજ માટે સુંદર ડગલી તૈયાર થાય એટલે ગઢડા જઈને મહારાજને પહેરાવું. અને અહાહાહા...! એ ડલગી પહેરેલા મહારાજ કેવા શોભશે ? અદ્‌ભુત !

એવા અનેરા સંકલ્પથી, તેમણે ડગલીનું કામ પડતાં મૂકીને હાથમાં ડગલી લઈ લે અને મંડી પડે ટેભા ભરવા. એક એક ટેભાએ પ્રેમનો ટેભો બની રહ્યો ! એક દિવસ ડગલી પૂરી થઈ. સમૈયો નજીક આવી ગયો હતો. આત્મારામ સમૈયામાં ડગલી લઈને જાય છે. મોટી વિશાળ સભા ભરાઈને બેઠી છે. ત્યાં પોતે મહાપ્રભુ પાસે આવી દંડવત્ દર્શન કરી, મહારાજને ડગલી અર્પણ કરી.

સભા વચ્ચે મહારાજે ડગલી ફેરવી ફેરવીને જોઈ. એક વખત, બે વખત... એમ પાંચ પાચં વખત ડગલી જોઈ. મહારાજ ખૂબ રાજી થયા.

મહારાજ કહે, 'આત્મારામ, તેં તો કમાલ કરી છે ! નથી આમાં કોઈ સાંધો દેખાતો કે નથી દોરો દેખાતો. આને સીવી કેવી રીતે ? જા આત્મારામ, આ ડગલી લઈને ભાવનગરના દરબાર પાસે જા. તેમને આ ડગલી બતાવી આવ.' પછી મહારાજની આજ્ઞાથી આત્મારામ તો પહોંચ્યો ભાવનગર દરબાર પાસે. દરબારને સભા વચ્ચે પોતાની કલા-કારીગરીવાળી ડગલી બતાવી.

ભાવનગર નરેશ પણ ડગલી જોઈને વિચારમાં પડી ગયા. 'શાબાશ, આત્મારામ શાબાશ ! ધન્યવાદ છે તારી કળાને.. આમાં નથી કયાંય દોરો કે નથી કયાંય ટેભો. આ ડગલી અમને આપી દે. અને એના બદલામાં તું એક ગામ, બે ગામ, પાંચ ગામ જે માંગે તે આપી દઉં.'

પછી આત્મારામ હસ્યા. દરબાર કહે, 'બાપુ, આ ડગલીના બદલામાં તો મારે અક્ષરધામ લેવાનું છે, અક્ષરધામ. બોલો, તમે આપી શકશો ?' દરબાર શું બોલે ? બે-પાંચ પચ્ચીસ ગામની, એની આગળ શી ગણતરી ? દરબાર બોલ્યા, 'આત્મારામ, ભલે આ ન આપે તો કાંઈ નહીં, પણ આવી જ બીજી એક ડગલી અમારા માટે તું કરી આપ.'

ત્યારે આત્મારામ કહે, 'બાપુ, આમાં દોરાના ટેભા નથી ભર્યા આમાં તો પ્રેમના ટેભા ભર્યા છે. એવો પ્રેમનો ઊભરો તો અક્ષરધામના અધિપતિ, મારા પ્રિયતમ ભગવાન સ્વામિનારાયણ વિના બીજા માટે તો કેવી રીતે આવે ? આવી ડગલી બીજી ન જ બની શકે.'

## (૫૦) નૃસિંહાનંદસ્વામી મૂર્તિમાં જોડાઈ ગયા.

સદ્. નૃસિંહાનંદ સ્વામી ભણતા હતા. તેમને મહાપ્રભુમાં અતિશે સ્નેહ હતો. ઉંમર પણ નાની હતી. શિયાળાની ઠંડીની ઋતુ હતી. સ્વામી ભણતા હતા. એ વખતે બીજા સંતો તાપતા હતા. દરમિયાન એકવાર નૃસિંહાનંદ સ્વામી પણ ખૂબ ઠંડી હોઈ તાપવા માટે આવીને બેઠા. તે વખતે તાપતાં તાપતાં મૂર્તિમાં વૃત્તિ જોડાઈ ગઈ. હસ્તમાં રહેલા હસ્તલિખિત પાનાં બધા સળગી ગયા. આ મહાપ્રભુએ જોયું. મહારાજ બોલ્યા, 'સ્વામી, આ શું કરો છો ? ધ્યાન તો રાખો.' પછી સ્વામી બોલ્યા, 'દયાળુ, તમારી મૂર્તિમાં વૃત્તિ જોડાઈ ગઈ.'

ત્યારે મહારાજ અતિશે રાજી થાય. મહારાજ કહે,'સ્વામી, હવે તમારે કંઈ કરવાની જરૂર નથી. ભણવાની પણ કાંઈ જરૂર નથી.'

જય શ્રી સ્વામિનારાયણ